# સમગ્ર રાજ્યમાં ૨૦૨૫માં વિવિધ ઐતિહાસિક સીમા ચિન્હરૂપ જન્મોત્સવની ઉજવણી કરાશે

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને સ્ટીયરીંગ કમિટીની પ્રથમ બેઠકમાં ઉજવણી આયોજનની વિશદ ભૂમિકા પ્રસ્તુત : સમગ્ર રાજ્યમાં ચાર મહત્વપૂર્ણ મહોત્સવ જનભાગીદારીથી યોજવા મુખ્યમંત્રીએ માર્ગદર્શન આપ્યું**



(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨

સમગ્ર ગુજરાતમાં ૨૦૨૫ના વર્ષમાં ઐતિહાસિક જન્મોત્સવ કાર્યક્રમની વિવિધ ઉજવણી જનભાગીદારી સાથે ભવ્ય રીતે થવાની છે. આ ઉજવણીમાં ખાસ કરીને ભારતીય બંધારણના શાશ્વત પણા સાથે રાષ્ટ્ર નેતાઓના આદર્શો અને રાષ્ટ્ર નિર્માણમાં તેમના યોગદાનને જન માનસમાં સર્જનાત્મક રીતે ઉજાગર કરવાનાં કાર્યક્રમો યોજાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને આ હેતુસર રચવામાં આવેલી સ્ટીયરીંગ કમિટીની મળેલી પ્રથમ બેઠકમાં આ કાર્યક્રમોની શાનદાર ઉજવણી માટેના આયોજનની વિશદ ભૂમિકા પ્રસ્તુત કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૫માં ભારતના બંધારણને ૭૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ નિમિત્તે ગુજરાતભરમાં ''સંવિધાનના અમૃત મહોત્સવ''ની ઉજવણી કરાશે. સાથે જ, કટોકટીના ૫૦ વર્ષ પૂર્ણ થવા સંદર્ભે પણ ઉજવણી કરવામાં આવશે. આ ઉપરાંત ''એક ભારત, શ્રેષ્ઠ ભારત''ના વિઝન સાથે ગુજરાતના પનોતા પુત્ર સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જયંતીની તેમજ ભારતના પૂર્વ પ્રધાનમંત્રી સ્વ. શ્રી અટલ બિહારી વાજપેયીના ૧૦૦માં જયંતી વર્ષની પણ ભવ્ય ઉજવણી થશે. સાથે જ, ભગવાન બિરસામુંડાની ૧૫૦મી જયંતી નિમિત્તે ગુજરાતમાં વર્ષ ૨૦૨૫ને ''જનજાતિય ગૌરવ વર્ષ'' તરીકે ઉજવાશે. આ બધા જ ઉજવણી કાર્યક્રમોને વધુ લોકભોગ્ય અને પ્રજા સહભાગીતા પ્રેરિત બનાવવા વિવિધ સ્પર્ધાઓ, વ્યાખ્યાનમાળાઓ, ટ્રાઈબલ હેરિટેજને પ્રોત્સાહિત કરતા જનજાતિ ગૌરવ મેળાઓ વગેરેના સમયબદ્ધ આયોજનની વિગતવાર પ્રસ્તુતિ મુખ્યમંત્રી અને મંત્રીઓ સમક્ષ આ બેઠકમાં કરવામાં આવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ઉજવણી કાર્યક્રમોને પરસ્પર સાંકળી લઈને સમગ્રતયા ગૌરવપૂર્ણ ગાથા તરીકે રાષ્ટ્રહિત ઉજાગર કરતા કાર્યક્રમો યોજવા બેઠકમાં માર્ગદર્શન આપ્યું હતું. રાજ્ય સરકારના મંત્રીઓ અને વરિષ્ઠ સચિવો સહિત ૨૮ સભ્યોની આ સ્ટીયરીંગ કમિટીમાં રજૂ થયેલ પ્રેઝન્ટેશનને વધુ વ્યાપક અને જનભાગીદારી સભર બનાવવાના હેતુસર ઝીણવટપૂર્વક અભ્યાસ અને યોગ્ય સુધારાઓ માટે પ્રેરક સૂચનો પણ મુખ્યમંત્રીએ કર્યા હતા. સંવિધાનનો અમૃત મહોત્સવ અને આપાતકાલના ૫૦ વર્ષની ઉજવણી સંદર્ભે યોજાનારા વિવિધ કાર્યક્રમો અંગે અગ્ર સચિવ અશ્વિનીકુમાર તથા યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિના કમિશનર આલોક પાંડેએ મુખ્યમંત્રી તથા મંત્રીઓ સમક્ષ પ્રેઝન્ટેશન કર્યું હતું. સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતી ઉજવણી કાર્યક્રમના નોડલ વિભાગ તરીકે ગૃહ વિભાગ જવાબદારી સંભાળશે તેના અગ્રસચિવ નિપૂણા તોરવણએ તેમજ ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતી - જનજાતિય ગૌરવ વર્ષની ઉજવણી કાર્યક્રમની વિસ્તૃત માહિતી આદિજાતિ વિકાસ કમિશનર ગુલાટીએ આપી હતી. શ્રી અટલ બિહારી વાજપેયીજીના ૧૦૦માં જન્મ જયંતી વર્ષની ઉજવણીના કાર્યક્રમો રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગ અને વહીવટી સુધારણા તાલીમ પ્રભાગ દ્વારા કરવામાં આવશે. આ કાર્યક્રમની વિગતવાર માહિતી દર્શાવતું પ્રેઝન્ટેશન અધિક મુખ્ય સચિવ કમલ દયાની અને અગ્ર સચિવ ધનંજય દ્વિવેદી એ કર્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને મંત્રીઓએ આ પ્રેઝન્ટેશન નિહાળીને રચનાત્મક સૂચનો પણ કર્યા હતા.

### ૨૦૨૫માં રાજ્યમાં થશે આ ચાર ઉજવણી

● સંવિધાનનો અમૃત મહોત્સવ-બંધારણના ૭૫માં વર્ષની ઉજવણી અને કટોકટીના ૫૦ વર્ષ ● 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' વિઝન સાથે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતી ● ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતી ● શ્રી અટલ બિહારી વાજપેયીજીના ૧૦૦મા જન્મ જયંતી વર્ષની ઉજવણી

# "પોષણયુકત માતા, સુપોષિત બાળ"ની નેમને સાર્થક કરતી યોજના 'નમો શ્રી' યોજના હેઠળ રાજકોટ જિલ્લાની ૧૩,૮૫૯ સગર્ભા માતાઓને મળ્યો રૂા.૩.૮૧ કરોડનો લાભ

**કુલ ૧૧ કેટેગરી હેઠળની સગર્ભાઓને પ્રથમ બે પ્રસુતિ માટે આપવામાં આવે છે તબક્કાવાર સહાય**

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨

માતૃત્વએ સૃષ્ટિનું સૌથી મોટું સુખ છે પરંતુ એક સમર્થ અને તંદુરસ્ત બાળક માટે સગર્ભાવસ્થા દરમ્યાન માતાની કાળજી લેવી ખૂબ આવશ્યક બને છે. આ કાળજી પરિવાર તો લે જ પરંતુ હવે માતાના પોષણની કાળજી તો સરકાર લઈ રહી છે. રાજ્ય સરકાર તથા ભારત સરકાર દ્વારા સુપોષિત માતા, સુપોષિત બાળકની નેમને સાર્થક કરવા નમોશ્રી યોજના અમલી બનાવવામાં આવી છે. સગર્ભાવસ્થા દરમ્યાન માતાને પોષણયુકત આહાર તથા જરૂરી પ્રમાણમાં સુક્ષ્મ પોષકતત્વો આપી માતા અને બાળકના અમૂલ્ય જીવનને બચાવતી આ યોજના આજે અનેક સગર્ભાઓ માટે આશીર્વાદરૂપ બની છે. રાજકોટ જિલ્લા કલેક્ટર શ્રી પ્રભવ જોષી તથા જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડો.નવનાથ ગવ્હાણેના માર્ગદર્શન હેઠળ રાજકોટ જિલ્લાની કુલ ૧૩,૮૫૯ માતાઓને નમો શ્રી યોજના અંતર્ગત રૂા. ૩,૮૧,૦૮,૪૦૦/- નો લાભ મળ્યો છે. આ યોજના અંતર્ગત અનુસૂચિત જાતિ અને જનજાતિની મહિલાઓ, આંશિક રીતે (૪૦%)અથવા સંપૂર્ણ દિવ્યાંગ, બીપીએલ રેશનકાર્ડધારક, આયુષ્માન ભારત કાર્ડ ધારક, ઈ-શ્રમ કાર્ડ ધરાવતી મહિલાઓ, કિશાન સન્માન નિધિ હેઠળ લાભાર્થી મહિલા ખેડૂતો, મનરેગા જોબ કાર્ડ ધરાવતી મહિલાઓ, કૌટુંબિક વાર્ષિક આવક રૂા.૮ લાખ કરતાં ઓછી હોય તે મહિલાઓ, સગર્ભા અને સ્તનપાન કરાવતી આંગણવાડી વર્કર, આંગણવાડી હેલ્પર તથા આશા બહેનો, કેન્દ્ર સરકાર દ્વારા નિર્ધારિત કોઈપણ અન્ય શ્રેણી અને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ ૨૦૧૩ હેઠળ રેશન કાર્ડ ધરાવતી તેમ કુલ ૧૧ કેટેગરી હેઠળની સગર્ભાઓને પ્રથમ બે પ્રસુતિ માટે સરકારી અથવા ખાનગી કોઈપણ હોસ્પિટલે પ્રસુતિ કરાવે તો કુલ રૂા.૧૨,૦૦૦/- ની મહત્તમ સહાય આપવામાં આવે છે. આ યોજનામાં લાભાર્થીઓને ચાર તબક્કામાં શરતો પૂર્ણ થતા લાભ આપવામાં આવે છે. જેમકે સગર્ભાવસ્થાની નોંધણી કર્યેથી પ્રથમ હપ્તો રૂા.૨૦૦૦/-, સગર્ભાવસ્થાનાં ૬ માસ પૂર્ણ થયે બીજા હપ્તામાં પ્રથમ પ્રસુતિમા રૂા.૨૦૦૦/- અને દ્વિતીય પ્રસુતિમા રૂા.૩૦૦૦, સંસ્થાકીય પ્રસુતિ થયેથી ત્રીજો હપ્તામા પ્રથમ પ્રસુતિમા રૂા.૩૦૦૦ અને દ્વિતીય પ્રસુતિમા રૂા.૬૦૦૦, નવજાત બાળકનું સંપૂર્ણ રસીકરણ થયેથી ચોથા હપ્તામાં રૂા.૧૦૦૦ અને પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના હેઠળ પ્રથમ પ્રસૂતિ સમયે બે હપ્તામાં રૂા.૩૦૦૦/- (નોંધણીથી ૬ માસમાં) અને રૂા.૨૦૦૦/-(નોંધણીથી ૬ માસમાં) એમ બંને પ્રસુતિ સમયે ૪ તબકકામાં કુલ રૂા.૧૨૦૦૦/- આપવામાં આવે છે.

રાજકોટ જિલ્લામા વર્ષ ૨૦૨૪-૨૫માં પ્રથમ તબક્કામાં ૫૬૯૦ લાભાર્થીને કુલ રકમ રૂા.૧,૧૩,૮૦,૦૦૦/-, બીજા તબક્કામાં ૩૦૩૯ લાભાર્થીને કુલ રકમ રૂા.૬૯,૭૮,૪૦૦/-, ત્રીજા તબક્કામાં ૫૬૯૦ લાભાર્થીને કુલ રકમ રૂા.૪૭,૫૨,૦૦૦/-તથા પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના (PMMVY) અંતર્ગત ૩૯૬૪ લાભાર્થીને રૂા.૧,૪૯,૯૮૦૦૦/- આમ, કુલ ૧૩,૮૫૯ લાભાર્થીઓને રૂા.૩,૮૧,૦૮,૪૦૦/- નો લાભ આપવામાં આવ્યો છે. આ યોજનાનો વધુ ને વધુ લાભ લેવા રાજકોટ જિલ્લાની સગર્ભા માતાઓને આરોગ્ય વિભાગ દ્વારા અપીલ કરવામાં આવે છે.

# દ્વારકાધીશને શીશ ઝુકાવીને મોટી સંખ્યામાં ભક્તોએ નવા વર્ષની શુભ શરૂઆત કરી

## જગતમંદિર પરિસર ભક્તોની ભીડથી ઉભરાયું




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨

ભારતના ચારધામ પૈકીના એક ધામ અને સપ્તપૂરીમાંની એક પૂરી દ્વારકા, મંગળવારે સનસેટ પોઈન્ટ ખાતે સહેલાણીઓએ ૨૦૨૪ ને બાય બાય કહીને ગઈકાલે બુધવારે ૨૦૨૫ નું સ્વાગત કર્યું હતું. યાત્રાધામ દ્વારકામાં આજે નવા વર્ષ ૨૦૨૫ ના સુર્યનું પ્રથમ કિરણ જોઈને અનેક ભાવિકોએ અને સહેલાણીઓએ ભગવાન દ્વારકાધીશના દર્શન કરીને ૨૦૨૫ ની શુભ શરૂઆત કરી હતી. અને દ્વારકાધીશ જગતમંદિર પરિસરમાં યાત્રાળુઓની લાંબી લાઈનો જોવા મળી હતી. અનેક ભાવિકોએ ભગવાન દ્વારકાધીશની એક ઝલક પામવા માટે લાઈનોમાં ઉભીને ઝંખના સેવીને ભગવાન દ્વારકાધીશના દર્શન કર્યા ત્યારે જગતમંદિર પરિસર સહિત બજારમાં પણ શ્રદ્ધાળુઓનો ધસારો જોવા મળ્યો હતો. બુધવારે ભગવાન દ્વારકાધીશના દર્શન કરી અનેક યાત્રાળુઓ દ્વારકાની આજુ બાજુ આવેલા અનેક જોવા લાયક તેમજ ધાર્મિક સ્થળોની મુલાકાત લીધી હતી. અને કુદરતી વાતાવરણને માણીને ધન્યતા અનુભવી હતી. ખાસ કરીને ગઈકાલે વર્ષના પ્રથમ દિવસે ભગવાન પાસે શ્રદ્ધાળુઓએ સુખ સમૃદ્ધિ અને દેશ, રાજ્યની સારી કામનાઓ કરી હતી.

# ઋગ્વેદ અનુસાર ખેતરમાં ઉગતા અનાજમાં કોનો કેટલો ભાગ ?




ભારત દેશમાં પશુ,પક્ષી, પ્રાણીને દેવી તેમજ દેવતાઓનાં વાહન તરીકે સ્વીકારવામાં આવ્યા છે. ગણપતિને ઉંદર, કાલભૈરવ તથા ખંડોબા માટે શ્વાન, સરસ્વતી માટે મોર, જગદંબાનું વાહન સિંહ, મા દુર્ગા માટે વાઘ, દેવી લક્ષ્મી માટે ઘુવડ, વૈષ્ણવી માતા માટે ગરૂડ, માતા મહેશ્વરી માટે નંદી, ગંગા માતાનું વાહન મકર, દેવી ઈન્દ્રાણી માટે હાથી, મા ધુમાવતી માટે કાગડો અને બહુચરા માતા માટે મગર છે. રામ ભગવાન પણ પશુ-પક્ષીઓને ખુબ આદર આપતા હતા. ભારતીય સંસ્કૃતિમાં પહેલેથી જ પશુ, પક્ષીઓને અનેરૂ સ્થાન આપવામાં આવ્યું છે. ભારતનાં પ્રાચીન વેદ ઋગ્વેદમાં જમીનમાં ઉગતા અનાજમાં કોનો કેટલો ભાગ છે તે દર્શાવ્યું છે. ઋગ્વેદમાં કહેવાયું છે કે તૈયાર અનાજ નીચેનો ભાગ ભૂમિ માટે, અનાજ લણ્યા પછીનો ભાગ પશુ માટે, તૈયાર અનાજની પહેલી ઢુંડી અગ્નિ માટે, પહેલી એક મુઠ્ઠી પંખીઓ માટે, અનાજ દડાવ્યા પછીનો એક મુઠ્ઠી લોટ કીડીઓ માટે, પહેલી રોટલી ગાય માટે, પહેલી થાળી વડીલો માટે, પછીની થાળી પોતાના માટે અને છેલ્લી રોટલી કુતરા માટે રાખવી જોઈએ.

- મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# માંગરોળમાં ડોર ટુ ડોર કચરો એકત્ર કરવાની કામગીરી બંધ થતા ઠેર ઠેર કચરાના ઢગલા



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨

માંગરોળ શહેર અને બંદર વિસ્તારમાં કચરાએ ફરી મોંકાણ સર્જી છે. નજીકના શાપુર ગામે ગૌચરની જમીનમાં શહેરભરનો કચરો, મૃત પશુઓના અવશેષો સહિતની ઠલવાતી ગંદકીથી ત્રસ્ત ગ્રામજનોના ઉગ્ર વિરોધ વચ્ચે ન.પા.એ છેલ્લા કેટલાક દિવસથી ત્યાં કચરો નાંખવાનું બંધ કર્યુ છે. દરરોજ ટનના હિસાબે એકઠો થતો કચરો ઠાલવવો ક્યાં ? એ તંત્ર માટે પેચીદો સવાલ બન્યો છે. પરિણામે હાલ વિવિધ વિસ્તારોમાંથી ડોર ટુ ડોર કચરો એકત્ર કરવાની કામગીરીને બ્રેક લાગી ગઈ છે. બીજી બાજુ કચરાના પોઈન્ટ જાણે ઉકરડાનું ઘર બન્યા છે. શહેરમાંથી દબાણ હટાવવાની કામગીરી વચ્ચે માખી, મચ્છરોના ઉપદ્રવનો કારક અને લોકોના સ્વાસ્થ્ય માટે ગંભીર એવો કચરા, ગંદકીનો પ્રશ્ન જ વિસરાઈ ગયો છે. સ્વચ્છતાની મસમોટી જાહેરાતો વચ્ચે કચરાની વર્ષોથી પેધી ગયેલી સમસ્યા ઉકેલવામાં તંત્ર નિષ્ફળ નિવડ્યુ છે. છાશવારે ઉદભવતી આવી બદતર સ્થિતિ છતાં પ્રજા પાસેથી પૂરો સફાઈવેરો વસુલાઈ રહ્યો છે. ત્યારે તેમાં કોઈ રાહત મળશે ખરી ? તેવો કટાક્ષ લોકોમાં થઈ રહ્યો છે.

# બરડા ડુંગર વિસ્તારમાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠીઓ પર પોલીસ ત્રાટકી : બુટલેગરો ફરાર



**બે સ્થળોએથી રૂા.૧.૨૭ લાખનો મુદ્દામાલ કબજે**

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨

ભાણવડ પંથકના સ્થાનિક પોલીસ દ્વારા દેશી-વિદેશી દારૂ અંગે હાથ ધરવામાં આવેલા કોમ્બિંગ દરમ્યાન બરડા ડુંગર વિસ્તારમાં ધમધમતી દેશી દારૂની બે ભઠ્ઠી ઉપર દોરડાઓ પાડવામાં આવ્યા હતા. જેમાં પોલીસે દારૂ તથા આ અંગેનો કુલ રૂા.૧.૨૭ લાખનો મુદ્દામાલ કરી કબજે કર્યો હતો. જો કે આરોપીઓ પોલીસને હાથ લાગ્યા ન હતા. આ અંગે પોલીસ સૂત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય તથા ડી.વાય.એસ.પી. હાર્દિક પ્રજાપતિની સૂચના મુજબ ભાણવડ પોલીસ મથકના પી.એસ.આઈ. કે.કે. મારૂ અને પી.જે. ખાંટની ટીમ દ્વારા બુધવારે જુદાજુદા વિસ્તારોમાં ચેકિંગ તેમજ કોમ્બિંગ કાર્યવાહી કરવામાં આવી હતી. જે અંતર્ગત એએસઆઈ કેસુરભાઈ ભાટીયા અને વેજાણંદભાઈ બેલાને મળેલી ચોક્કસ બાતમીના આધારે ભાણવડ નજીક આવેલા બરડા ડુંગર વિસ્તારમાં પાણીની ઝરમાં ધ્રામણીનેસ વિસ્તારમાં રહેતા સુકા પરબત મોરી નામના શખ્સ દ્વારા દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ચલાવવામાં આવતી હોવાથી પોલીસે આ સ્થળે દરોડો પાડીને આ અંગે રૂપિયા ૪૫,૦૦૦ નો મુદ્દામાલ કબજે કરી, ગુનો નોંધ્યો હતો. અન્ય એક દરોડામાં આ જ વિસ્તારમાંથી રાણપર ગામના વસ્તા પરબત ગોઢાણીયા નામના શખ્સ દ્વારા દેશી દારૂની ભઠ્ઠી ચલાવવામાં આવતી હોવાથી આ સ્થળેથી દરોડામાં પોલીસે રૂપિયા ૮૨ હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ઉપરોક્ત દરોડામાં બંને આરોપીઓ સૂકા પરબત અને વસ્તા પરબત ફરાર થઈ ગયા હતા. આ સમગ્ર પ્રકરણમાં પોલીસે ૪૬૦૦ લીટર દારૂ બનાવવાનો આથો તેમજ ૬૦ લી. દેશી દારૂ મળી કુલ રૂપિયા ૧,૨૭,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ સમગ્ર કાર્યવાહી ઈન્ચાર્જ પી.આઈ. કે.કે. મારૂ, પી.એસ.આઈ. પી.જે. ખાંટ, એ.એસ.આઈ. કેશુરભાઈ ભાટીયા, ગીરીશભાઈ ગોજીયા, દેવાભાઈ ઓડેદરા, સાંગાભાઈ, જેસાભાઈ, વિપુલભાઈ, જીતુભાઈ જામ, શક્તિસિંહ, મિલનભાઈ, વેજાણંદભાઈ, ભોજાભાઈ તેમજ ફોરેસ્ટ વિભાગના નાગાજણભાઈ વિગેરે દ્વારા કરવામાં આવી હતી.

# અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલ એસોસિએશન દ્વારા રકતદાન શિબિરનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૨

ધી ગુજરાત કેન્સર સોસાયટી મેડિકલ કોલેજ, હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરના પેશન્ટ માટે સીધા ઉપયોગ અર્થે અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલ એસોસિએશન દ્વારા આગામી તા.૧૯ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ સવારે ૮થી બપોરે ૧ દરમ્યાન સ્પોર્ટસ કલબ નવરંગપુરા, અમદાવાદ ખાતે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. રકતદાન શિબિરના આ મહા કાર્યમાં જોડાઈ રકતદાન કરવા આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ખંભાળિયામાં ડોક્ટર પરિવારો દ્વારા વર્ષ ૨૦૨૫ ને હોંશભેર આવકાર



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયામાં ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (આઈ.એમ.એ.) ની ટીમ દ્વારા ૩૧ ડિસેમ્બર નિમિત્તે પારિવારિક કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે ડોક્ટર એસોસિએશનના નવા પ્રતિનિધિઓની નિમણુક પણ કરવામાં આવી હતી. આ અંતર્ગત અત્રે રાજપૂત સમાજની વાડી ખાતે મંગળવારે આઈ.એમ.એ.ની ટીમનો પારિવારિક ગેટ ટુ ગેધર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેને સૌ ડોક્ટર પરિવારોએ મન ભરીને માણ્યો હતો. આ સાથે આઈ.એમ.એ.ની ટીમના નવા પ્રમુખ તરીકે ડો. ચંદ્રકાંત જાદવ, ઉપપ્રમુખ તરીકે ડો. હમીર કાંબરીયા, સેક્રેટરી તરીકે ડો. પ્રકાશ ધારવિયા, જોઈન્ટ સેક્રેટરી તરીકે ડો. કિશોર આહીર અને ટ્રેઝરર તરીકે ડો. પિયુષ કણજારીયાની નિમણૂક કરવામાં આવી હતી. જેને ઉપસ્થિત સૌ કોઈએ આવકારીને અભિનંદન પાઠવ્યા હતા.

# કેશોદના ખમીદાણા ગામે ધોળા દિવસે રૂા.૧૦.૩૨ લાખની ઘરફોડ ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨

કેશોદ તાલુકાના ખમીદાણા ગામે મકાનના તાળા તોડી ૧૦.૩૨ લાખના સોના-ચાંદીના દાગીના ચોરી કરી ગયાની અજાણ્યા શખ્સ વિરૂધ્ધ ફરીયાદ નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કેશોદ પોલીસ મથકે નારણભાઈ મેસુરભાઈ સોલંકીએ અજાણ્યા ચોર ઈસમ વીરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ગઈકાલે સવારે ૧૧ વાગ્યાથી બપોરના ૩ વાગ્યા દરમ્યાન અજાણ્યા ચોર ઈસ્મે ફરીયાદીના રહેણાંક મકાનમાં પ્રવેશી તાળા તોડી સોના-ચાંદીના દાગીના સહિત રોકડ મળી કુલ ૧૦,૩૨,૯૦૦ની મતાની ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ જીલ્લામાં ૪૭૦ બાળકોને પાલક માતા-પિતા યોજના હેઠળ દર મહિને રૂા. ૧૪ લાખની સહાય ચુકવાય છે

જૂનાગઢ, તા.૨

જૂનાગઢ જિલ્લામાં હાલ પાલક માતા પિતા આ યોજના હેઠળ માસીક રૂા. ૩૦૦૦ મુજબ દર માસે રૂા.૧૪.૧૦ લાખ સરકાર દ્વારા ચૂકવવામાં આવી રહી છે. જિલ્લા સમાજ સુરક્ષા જૂનાગઢની કચેરી દ્વારા જૂનાગઢ જિલ્લામાં સરકારશ્રીની પાલક માતા-પિતા યોજના હેઠળ અનાથ અને જે બાળકના પિતા અવસાન પામેલ હોય અને માતાએ પુનઃલગ્ન કરેલ હોય તેવા ૦ થી ૧૮ વર્ષના બાળકોને દર માસે રૂા.૩૦૦૦(ત્રણ હજાર)ની સહાય મળવાની યોજના અમલમાં છે. જેમાં જૂનાગઢ જિલ્લામાં હાલ કુલ ૪૭૦ બાળકો આ યોજનાનો લાભ મેળવી રહ્યા છે. જેથી પાલક માતા-પિતા યોજનામાં અનાથ અને જે બાળકના પિતા અવસાન પામેલ હોય અને ત્યારબાદ માતાએ પુનઃલગ્ન કરેલ હોય તેવા ૦ થી ૧૮ વર્ષના બાળકો તેમના સગા સંબધી સાથે રહેતા હોય તેવા પાલક માતા-પિતાને આ યોજના લેવાનો લાભ મળવાપાત્ર થાય છે. જેથી આવા બાળકોને આ યોજનાનો લાભ મેળવવા માટે જિલ્લા સમાજ સુરક્ષા કચેરી, સરદારબાગ, બહુમાળી ભવન, બ્લોક નં.૨ જૂનાગઢ અને જિલ્લા બાળ સુરક્ષા એકમ, પંકજ બંગલો, પી.ડબ્લ્યુ.ડી.ક્વાર્ટર, રેલ્વે સ્ટેશન રોડ, જૂનાગઢ ફોન નં.૦૨૮૫-૨૯૬૦૨૦૨નો સંપર્ક કરવા જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી મહિડાની યાદીમાં જણાવાયું છે.

# ૩૯મી અખિલ ગુજરાત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા તા.૫ જાન્યુઆરીના યોજાશે

## ગરવા ગિરનારને સર કરવા રાજયભરના ૧૨૦૭ સ્પર્ધકો દોટ મુકશે

જૂનાગઢ, તા.૨

૩૯મી અખિલ ગુજરાત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા આગામી તા.૫ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ યોજાશે. જેમાં રાજયભરમાંથી ૧૨૦૭ જેટલા સ્પર્ધકો ગરવા ગિરનારને સર કરવા માટે દોટ મૂકશે.

ગુજરાત રાજયના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર ઉપક્રમે જિલ્લા વહીવટી તંત્ર જૂનાગઢ સંચાલિત રાજયકક્ષા ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધામાં ગુજરાતભરમાંથી ૪ વય ગ્રુપમાંથી કુલ ૧૨૦૭ સ્પર્ધકો પસંદગી પામેલ છે. જેમાં ગૃપ પ્રમાણે સિનિયર ભાઈઓ ૫૫૮, જુનિયર ભાઈઓ ૩૬૬, સિનિયર બહેનો ૧૪૯, જુનિયર બહેનો ૧૩૪ સ્પર્ધકો ભાગ લેશે. આ ૪ વિભાગના પ્રથમ ૧૦ વિજેતા સ્પર્ધકોને કુલ રૂા. ૮૪૦૦૦૦ના ઈનામો, ટ્રોફી, પ્રમાણપત્રો આપવામાં આવશે

અખિલ ગુજરાત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા આગામી તા. ૫/૧/૨૦૨૫ના સવારે ૭ કલાકે યોજાનાર છે. પસંદગી પામેલ સ્પર્ધકો એ તા. ૪/૧/૨૦૨૪ના રોજ બપોર પછી ૩ કલાકે સિનિયર ભાઈઓ માટે સનાતન ધર્મશાળા, જુનિયર ભાઈઓ માટે તળપદા કોળી જ્ઞાતિવાડી, સિનિયર - જુનિયર બહેનો માટે ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિની વાડી, ભવનાથ તળેટી જૂનાગઢ ખાતે રિપોર્ટિંગ કરવાનું રહેશે. આ સ્પર્ધા ની પસંદગી યાદી તથા રદ થયેલ નામોની યાદી તથા સ્પર્ધા અંગેની વિગતવાર માહિતી ઢઅર્દ્ધ ત્નેહટ્ફ્ષ્ટક્ષ્ઢંર ફેસબુક આઈડી પર મૂકવામાં આવેલ છે. વધુ માહિતી માટે કચેરીના સંપર્ક નંબર ૦૨૮૫-૨૬૩૦૪૯૦ ઉપર સંપર્ક કરવા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જૂનાગઢમાં આરોગ્ય સેવાઓ સાથે સંકળાયેલા અને વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરતા સંજયભાઈ બુહેચાનો આવતીકાલે જન્મદિવસ છે



જૂનાગઢ, તા.૨

'જન સેવા એ જ પ્રભુ સેવા'ના સૂત્રને સાર્થક કરવાના પ્રયાસ રૂપે પોતાના પિતાના માર્ગે ચાલવાનું નક્કી કર્યું હોય એવા સંજયભાઈ શામજીભાઈ બુહેચાનો આવતીકાલ તા.૩ જાન્યુઆરીના રોજ જન્મદિવસ છે. તો આપણે એમને સૌ એમના જન્મદિવસ નિમિત્તો એમના મોબાઈલ નંબર ૯૮૨૪૨૯૦૪૮૩ ઉપર શુભેચ્છાઓ પાઠવીએ.

વિશેષમાં આ વ્યકિત જૂનાગઢમાં આરોગ્ય વિભાગ સાથે સંકળાઈને પોતાની ફરજ ઉપરાંત લોકોને કેમ મદદરૂપ થવું એવી ભાવના સાથે એને મદદ કરવાનું પસંદ કરે છે. વિવિધ સંસ્થાઓ સાથે સંકળાયને સાથે હળી મળીને રહીને ગિરનારી ગ્રુપના માધ્યમ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ કરે છે. જેવી કે રક્તદાન કેમ્પ, સર્વ રોગ નિદાન કેમ્પ, આરોગ્ય લક્ષી માર્ગદર્શન અને શિક્ષણ આપવું, ધાર્મિક તહેવારોમાં ગરીબ (જરૂરિયાતમંદ) લોકોને મદદ કરવી, ઝુંપડપટ્ટી વિસ્તારમાં રહેતા લોકોને ભોજન પ્રસાદ કરાવવો, શિયાળામાં રાત્રિના ફૂટપાથ ઉપર સૂતેલા લોકોને ઠંડીથી બચવા માટેના ધાબળા ઓઢાડવા, ચોમાસામાં નાના નાના ભૂલકાઓ પલળતા હોય તો એમને રેઈનકોટ આપવા સહિત ઉનાળાના ધગધગતા તાપમાન ખુલ્લા પગે ચાલતા બાળકોને ચપ્પલ પહેરાવવાની સેવાઓ કરવી. આવી અનેક ગણી સેવાઓ કરે છે. આપણે સૌ આવા અનેક ગણા લોકો સેવાની સુવાસ પ્રસરાવે છે. ભગવાન એ બધાને આવા સારા કાર્યો કરવા નીરોગી અને લાંબુ આયુષ્ય પ્રદાન કરે એવી પ્રાર્થના સાથે શુભેચ્છાઓ પાઠવીએ.

# માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરાની વિદ્યાર્થિનીઓએ હિંગોળગઢ ખાતે 'પ્રકૃતિ શિક્ષણ શિબિર'માં ભાગ લીધો




જૂનાગઢ, તા.૨


ગીર (ગુજરાત ઈકોલોજિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ) ફાઉન્ડેશન-ગાંધીનગર દ્વારા વિદ્યાર્થીઓને કુદરતી સંપદા, વન્ય સૃષ્ટિ, વન્ય જીવન અને નૈસર્ગિક સ્ત્રોતોના સરંક્ષણનું મહત્વ તેમજ પર્યાવરણની જાળવણીની અગત્યતા સમજાય તેવા હેતુથી દર વર્ષે પ્રકૃતિ શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવે છે, જેમાં વિદ્યાર્થીઓ પ્રકૃતિની ગોદમાં પ્રકૃતિના વિવિધ પાસાઓ અંગેની જાણકારી અને શિક્ષણ પ્રાપ્ત કરે છે.

આ વર્ષે હિંગોળગઢ વન્યજીવ અભ્યારણ્ય અને અરણ્ય ઉદ્યાન ખાતે યોજાએલ પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં માતૃશ્રી એમ.જી.ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરાની (૪૦) વિદ્યાર્થિનીઓ તા.૨૮-૧૨-૨૦૨૪ થી ૨૯-૧૨-૨૦૨૪ (બે દિવસ, એક રાત્રિ) સુધી સુધી સામેલ થઈ હતી. આ તકે મુકેશભાઈ દેસાણી સાહેબ અને અધિકારીશ્રીઓએ વિવિધ પ્રશ્નોતરી, જ્ઞાન સાથે ગમ્મતભર્યા સવાંદ અને ડોક્યુમેન્ટરી પ્રદર્શનના માધ્યમથી વન્ય પ્રાણી-પક્ષી-વનસ્પતિ, વન્ય સૃષ્ટિ, વન્ય જીવન, વન્ય સંપદા તેમજ પર્યાવરણ જાળવણી અને માનવજીવન ઉપર પ્રકૃતિના પ્રભાવ વિશે વિદ્યાર્થિનીઓને ઊંડાણપૂર્વકની સમજ આપી હતી. આ પ્રસંગે વન્ય સૃષ્ટિના સરંક્ષણ માટે સરકારશ્રી અને વિવિધ સંસ્થાઓ દ્વારા યોજાતી અનેકવિધ પ્રવૃતિઓથી પણ વિદ્યાર્થિનીઓને માહિતગાર કરવામાં આવી હતી. શાળાના આચાર્ય સુશ્રી જયશ્રીબેન રંગોલિયાની પ્રેરણાથી શિક્ષકો એ.સી.સાયેરિયા, આર.જે.રાણા અને એચ.ડી. પડશાળાની દેખરેખ હેઠળ આ શિબર દરમ્યાન વનભ્રમણનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થિનીઓએ કુદરતના અનુપમ સૌંદર્યના સાનિધ્યમાં પ્રકૃતિનો ભરપુર આનંદ માણ્યો હતો, તો રમણીય સ્થળોના નૈસર્ગિક સૌંદર્યની સાથે વનભોજનનો આસ્વાદ પણ માણ્યો હતો.

આ શિબિરમાં ગીર ફાઉન્ડેશન દ્વારા વિદ્યાર્થીઓ માટે સુંદર ઉતારા વ્યવસ્થા, પૌષ્ટિક નાસ્તા અને ભોજનની સુવિધા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવી હતી, ઉપરાંત શિબિરના અંતે તમામ વિદ્યાર્થિનીઓને પ્રમાણપત્ર અને માહિતીપુસ્તિકા અર્પીને પ્રોત્સાહિત પણ કરવામાં આવી હતી. આ શિબિરમાં સામેલ થનાર તમામ વિદ્યાર્થિનીઓને સંસ્થાના ચેરમેન-મેનેજિંગ ટ્રસ્ટી જે.કે.ઠેસિયા, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી સુશ્રી મૃણાલીનીબેન ગોધાણી, કેમ્પસ ડાયરેક્ટર સી.પી. રાણપરિયા સાહેબ સહિત સંસ્થાના ટ્રસ્ટીઓ, મેનેજમેંટના પ્રતિનિધિઓ અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# ખંભાળિયા-દ્વારકા માર્ગ ઉપર રાજસ્થાનના પ્રવાસીઓની કાર અને ટ્રેક્ટર વચ્ચે ગમખ્વાર અકસ્માત : માતા-પુત્રીનું મોત, બે ઈજાગ્રસ્ત





(પ્રતિનિધિ દ્વારા)

ખંભાળીયા, તા.૨

આજે વર્ષ ૨૦૨૫ના પહેલા જ દિવસે વહેલી સવારે ખંભાળિયા-દ્વારકા ધોરીમાર્ગ પર એક ઈનોવા મોટરકાર અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માત સર્જાયો હતો, આ ગુમખ્વાર અકસ્માતમાં માતા-પુત્રીના કરુણ મોત નીપજ્યા હતા. જ્યારે અન્ય બે મુસાફરોને પણ ઈજાઓ થયાનું જાણવા મળ્યું છે.

આ કરુણ બનાવની જાણવા મળતી વિગત મુજબ રાજસ્થાનથી દ્વારકા દર્શનાર્થે આવી રહેલા એક પરિવારની ઈનોવા મોટરકારમાં પરિવારના સદસ્યો જ્યારે ખંભાળિયાથી દ્વારકા તરફ જતા હાઈવે માર્ગ પર ભાટીયા ગામ નજીકથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે આ માર્ગ પર રહેલા ટ્રોલી સાથેના એક ટ્રેક્ટર સાથે ઈનોવા મોટરકાર ધડાકાભેર ટકરાઈ હતી.

આ જીવલેણ ટક્કરમાં મોટરકારમાં જઈ રહેલા ૫૪ વર્ષીય રાધારાણીબેન તેમજ તેમની ૨૮ વર્ષની પુત્રી દિવ્યાબેનના ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યા હતા. જ્યારે અન્ય બે મુસાફરોને ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ખંભાળિયાની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

માતા-પુત્રીના બંને મૃતદેહને ખંભાળિયાની સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૨૫ના આજે પ્રથમ દિવસે પરપ્રાંતિય શ્રદ્ધાળુઓ સાથે સર્જાયેલા આ ગમખ્વાર અકસ્માતે ભારે અરેરાટી પ્રસરાવી છે. આ બનાવ સંદર્ભે પોલીસે ઘટનાસ્થળે દોડી જઈને ફરિયાદ નોંધવા સહિતની જરૂરી તજવીજ હાથ ધરી છે.

# વેરાવળ બંદર વિસ્તારમાં બે બોટમાં આગ

## ફાયર બ્રિગ્રેડ કાબુમાં લીધી આગ અને અન્ય છ બોટો બચાવાઈ : કોઈ જાનહાની નહીં





(પ્રતિનિધિ દ્વારા)


પ્રભાસ પાટણ, તા.૨

ગત રાત્રો તા.૧/૧/૨૦૨૫ના રોજ ૨:૧૫ વાગ્યે વેરાવળ બાંદર એરીયાના ભીડીયા ઓકસન એરીયામાં આગ લાગવાની ઘટના બની હતી. જેની જાણ વેરાવળ ફાયર બ્રિગેડને થતા તુરંત જ ઘટના સ્થળે આગ બંબા સાથે પહોંચી ટીમ પહોંચી હતી જેમાં બે બોટના એન્જીનમાં લાગેલ આગથી જવાળા ભભુકેલ અને તે આગ વધુ પ્રસરે તે પહેલા આજુબાજુની ૬ બોટો રહેલ જેને ક્રેન દ્વારા દુર ખસોડી વધુ પ્રસારતી અટકાવાયેલ અને સળગતી બોટ ઉપર સતત પાણી મારો ચલાવી આગ કાબુમાં લીધેલ હતી. આ સમગ્ર કાર્યવાહી ફાયર બ્રિગેડ સ્ટેશન ઓફીસર -વેરાવળ, રવિરાજ, ચુનીભાઈ, હરપાલસિંહ, મયંકભાઈ, ભૌતિકસિંહ, જીતોષભાઈ, જીતેન્દ્રસિંહ, ભાવેશભાઈ સહીત સ્ટાફે કામગીરી કરી જેમાં ૮૦ લીટર ફોમ-૭૫ હજાર લીટર પાણી વપરાયું કોઈ જાનહાની નહીં.

# નવજીવન ટ્રસ્ટ દ્વારા નેશનલ ફોટોગ્રાફી ફેસ્ટીવલ એડીશન–II આજથી તા. ૨ થી ૫ જાન્યુઆરી ૨૦૨૫ દરમ્યાન યોજાશે







(પ્રતિનિધિ દ્વારા)


અમદાવાદ, તા. ૨

પરિવર્તનશીલ સમયમાં યુવા વર્ગને સાંકળી લેતી કોમ્યુનીકેશનની નવી ચેનલોને પ્રસ્થાપિત કરીને તેનું સંવર્ધન કરવાનાં ભાગરૂપે નવજીવન ટ્રસ્ટ દ્વારા નેશનલ ફોટોગ્રાફી ફેસ્ટીવલ (એનપીએફ) એડીશન–II નું આયોજન કરવામાં આવ્યું છે. એનપીએફ એડીશન–II આજ તા. ૨ થી ૫ જાન્યુઆરી ૨૦૨૫ દરમ્યાન નવજીવન ટ્રસ્ટ ખાતે યોજાશે.

આ અંગે માહિતી આપતા નવજીવન ટ્રસ્ટનાં ચેરમેન વિવેક દેસાઈએ જણાવ્યું હતું કે "નેશનલ ફોટોગ્રાફી ફેસ્ટીવલમાં સામાજીક અને સાંસ્કૃતિક સંદેશામાં ગાઢ અસર ધરાવતા દેશનાં વિવિધ ભાગોનાં આર્ટિસ્ટસનું કાર્ય પ્રદર્શિત થશે. એનપીએફમાં ટોક્સ, ફિલ્મ સ્ક્રીનીંગ્સ, પોર્ટફોલિયો રિવ્યુઝ, પેનલ ડિસ્કશન, વર્કશોપ્સ અને આર્ટિસ્ટસ સાથે વાર્તાલાપ જેવાં વિવિધ કાર્યક્રમો યોજાશે."

વિવેક દેસાઈએ કાર્યક્રમની વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે "એનપીએફ એડીશન–II માં દેશનાં ચુનંદા આર્ટિસ્ટસનાં કુલ આઠ એક્ઝિબિશન છે. વિઝ્યુઅલ આર્કાઈવ્ઝ ઓફ કુલવંત રોયનું ક્યુરેટિંગ આદિત્ય આર્ય, નિમાઈ ઘોષ- ડાયલોગ વીથ ધ કેમેરાનું ક્યુરેટિંગ ઈના પુરી દ્વારા કરવામાં આવ્યું છે. આ ઉપરાંત મુકેશ પારપિયાનીનું ટ્રેજેડી એટ મિડનાઈટ્સ, આશા થડાણીનું બ્રોકન, તરૂણ ભરતિયાનું ઈએમ/એનઓ, સુનીલ આદેશરાનું ધ આણંદ પેટર્ન, યશપાલ રાઠોરનું ટાઈગર-ટાઈગર અને પ્રસેનજીત યાદવના 'શેનઃ ધ લેપર્ડ ઓફ ધ માઉન્ટેન્સ/લિવિંગ ટ્રી બ્રિજીઝ ઈન એ લેન્ડ ઓફ કલાઉડ્સ'નો એક્ઝિબિશનમાં સમાવેશ થાય છે."

એનપીએફ એડીશન–II નો તા. ૨ જાન્યુઆરી ૨૦૨૫નાં રોજ સાંજે ૫.૦૦ કલાકે આરંભ થશે. તા. ૩ જાન્યુઆરી ૨૦૨૫નાં રોજ સાંજે ૬ થી ૬.૪૫ કલાક દરમિયાન મુકેશ પારપિયાનીનો વિવેક દેસાઈ સાથે વાર્તાલાપ અને ૭ થી ૭.૪૫ કલાક દરમ્યાન ઈના પુરીનો અનુજ અંબાલાલ સાથે વાર્તાલાપ યોજાશે. તા. ૪ જાન્યુઆરી ૨૦૨૫નાં રોજ સાંજે ૬ થી ૬.૪૫ કલાક દરમિયાન આશા થડાણીનો અનુજ અંબાલાલ સાથે અને સાંજે ૭ થી ૭.૪૫ કલાક દરમિયાન યશપાલ રાઠોરનો સૌરભ દેસાઈ સાથે વાર્તાલાપ



યોજાશે. તા. ૫ જાન્યુઆરી ૨૦૨૫નાં રોજ સાંજે ૭.૦૦ કલાકે સોનાલી ડી સાથે ફોટોગ્રાફી યોજાશે. બપોરે ૨.૩૦ થી ૪.૩૦ કલાક દરમ્યાન હિમાંશુ પંચાલ દ્વારા પિકસેલ ટુ પ્રિન્ટ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. સાંજે ૫ થી ૫.૩૦ કલાક દરમિયાન ધૈર્યકાંત ચૌહાણ મેમોરિયલ ઓલ ઈન્ડિયા ફોટો કોમ્પીટીશનનાં એવોર્ડ સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. સાંજે ૫.૪૫ થી ૬.૩૦ કલાક દરમિયાન તરૂણ ભરતિયાનો વાર્તાલાપ મિતુલ કજારિયા સાથે યોજાશે. સાંજે ૬.૪૫ થી ૭.૪૫ કલાક દરમિયાન સોનાલી ડીની ફિલ્મ 'ધ નેઈમ ઈઝ લિક્ડ ઈન ફેઈથ'નું સ્ક્રીનીંગ કરવામાં આવશે. વધુ માહિતી માટે સંપર્ક કરો વિવેક દેસાઈ – ૯૮૨૫૦ ૩૫૯૧૨ કરવા એક યાદીમાં જણાવેલ છે.

# વેરાવળમાં શ્રી સરસ્વતી વિદ્યાલય ખાતે તાલુકા કક્ષાનો કલા મહાકુંભ યોજાશે

ગીર સોમનાથ તા.૨

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગતેમજ કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ, ગાંધીનગરના ઉપક્રમે તા.૪/૧/૨૦૨૫ (શનિવાર)ના રોજ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ગીર સોમનાથ સંચાલિત તાલુકા કક્ષા કલા મહાકુંભ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સ્પર્ધા શ્રી સરસ્વતી વિદ્યાલય, વેરાવળ ખાતે સવારે ૦૯:૩૦ કલાકે યોજાશે. જેમાં વકતૃત્વ, નિબંધ લેખન, ચિત્રકલા, ભરતનાટ્યમ, એકપાત્રીય અભિનય, લોકનૃત્ય, રાસ, ગરબા, સુગમ સંગીત, લગ્ન ગીત, સમૂહ ગીત, લોકગીત/ભજન, તબલા, હાર્મોનિયમ (હળવું) વગેરે સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. સ્પર્ધા અંગે વધુ માહિતી માટે શ્રી અશ્વિનભાઈ કે. સોલંકી પ્રાંત યુવા વિકાસ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગીર સોમનાથનો સંપર્ક કરવાનો રહેશે.

## કડિયા જ્ઞાતિનું ગૌરવ



જૂનાગઢ, તા.૨

ત્રિમૂર્તિ હોસ્પિટલ જૂનાગઢના ઓર્થોપેડીક સર્જન ડો. પ્રતિક ટાંકના ધર્મ પત્ની ડો.ફોરમબેન ટાંકે મુંબઈથી ડર્મેટોલોજીષ્ટની માસ્ટર ડિગ્રી ઉત્તીર્ણ કરતા જૂનાગઢ અને કડિયા જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# વિદેશમાં એમબીબીએસ કરવાનું સપનું આ દેશમાં સાકાર થશે

તબીબી અભ્યાસ માટે વિદેશ જવાનું ધીમે ધીમે ખૂબ લોકપ્રિય બની રહ્યું છે. યુક્રેનથી લઈને ફિલિપાઈન્સમાં ભારતીય વિદ્યાર્થીઓ એમબીબીએસ કરવા જઈ રહ્યા છે. એમ.બી.બી.એસ શિક્ષણ આ દેશોમાં ભારત કરતાં સસ્તા દરે આપવામાં આવે છે, જેના કારણે આ દેશ ભારતીયોમાં લોકપ્રિય બન્યા છે.

ભારતમાં મેડિકલ એજ્યુકેશનમાં ઓછી સીટ્સ અને મોંઘી એજ્યુકેશન ફીના કારણે દર વર્ષે દેશના અસંખ્ય વિદ્યાર્થીઓ એમ.બી.બી.એસ જેવી ડિગ્રીઓ માટે વિદેશ જાય છે. દેશમાં એમ.બી.બી.એસમાં એડમિશન માટે નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રેસ્ટ ટેસ્ટ (નીટ) આપવો પડે છે અને આ પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓની સંખ્યા ખૂબ વધારે છે. દેશમાં ૭૦૦ મેડિકલ કોલેજ છે, જ્યાં એમ.બી.બી.એસ ની ૧.૦૮ લાખ સીટ છે, જેમાં લગભગ ૫૫ હજાર સીટ્સ સરકારી કોલેજમાં છે. આ સીટ્સ માટે વિદ્યાર્થીઓમાં ખૂબ જ સ્પર્ધા રહે છે.

આ વર્ષે ૨૪ લાખ વિદ્યાર્થીઓએ નીટની પરીક્ષા આપી હતી. સરકારી કોલેજોની ક્વોલિટી- સસ્તું એજ્યુકેશન અને ઓછી સીટ્સના કારણે ઘણા વિદ્યાર્થીઓને એડમિશન મળી શકતું નથી. આ કારણે અમુક વિદ્યાર્થીઓ ગેપ યર લઈને બીજી કે ત્રીજા વખત નીટ-યુ જીઆપે છે અથવા બી.એ.એમ.એસ અથવા બી.એચ.એમ.એસ.જેવા કોર્સ લેવા પર મજબૂર થઈ જાય છે અથવા તો વિદેશમાં સસ્તા એજ્યુકેશન માટે રવાના થઈ જાય છે. ૨૦૨૩માં એમ.બી.બી.એસ ની ૫૬,૧૯૩ સરકારી સીટ્સ હતી, જ્યારે ૧૧ લાખથી વધારે વિદ્યાર્થીઓએ પરીક્ષા પાસ કરી હતી.જેમાં જોવા જઈએ તો ૧૦ લાખથી વધારે વિદ્યાર્થીઓ પાસે પ્રાઈવેટ મેડિકલ કોલેજનો ઓપ્શન રહે છે, જેમાં ફી ૧થી ૧.૫ કરોડ રૃપિયા સુધી હોય છે. તો દુનિયામાં ઘણા એવા દેશ છે, જેમ કે રશિયા, જોર્જિયા, જર્મની, કઝાકિસ્તાન, યુક્રેન, ફિલિપાઇન્સમાં ડબલ્યુ એચ ઓ, એન એમ સી, એમ સી આઈ જેવી ઈન્ટરનેશનલ કાઉન્સિલની માન્યતા પ્રાપ્ત ઈન્સ્ટીટયૂટ્સ છે. જેમાં ભારતથી ઓછા પૈસામાં એમ.બી.બી.એસકરી શકાય છે. આ કારણે અહીં ભારતના વિદ્યાર્થીઓને ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ તરીકે સારા અને સસ્તા ઓપ્શન મળી શકે છે. તો ચાલો જાણીએ એમ.બી.બી.એસના અભ્યાસ માટે બેસ્ટ દેશો વિશે.

જર્મની- સૌ પ્રથમ જર્મનીની વાત કરીએ. ભારતમાંથી મેડિકલનો અભ્યાસ કરવા વિદેશ જતા લોકોના આંકડા જોઈએ તો મોટાભાગના વિદ્યાર્થીઓ મેડિકલ અભ્યાસ માટે જર્મની જાય છે. અહીં ઓછી ફીમાં મેડિકલનો અભ્યાસ કરી શકાય છે. જો તમે નીટ પરીક્ષા આપી છે, તો આ સ્કોરનાં આધારે તમને અહીંની યુનિવર્સિટીઓમાં પ્રવેશ મળશે. અહીં ૪ થી ૬ લાખ રૃપિયા પ્રતિ વર્ષમાં એમ.બી.બી.એસ કરી શકાય છે.

બેલારુસ- મેડિકલના અભ્યાસ માટે ભારતીય વિદ્યાર્થીઓમાં બેલારુસ પણ લોકપ્રિય છે. આ દેશની ગણતરી સસ્તું શિક્ષણ આપનારા દેશોમાં થાય છે. અહીંની એમ.બી.બી.એસ ડિગ્રી ડબલ્યુ એચ ઓ અને એન એમ સી દ્વારા માન્ય છે. અહીંથી ૨૫ થી ૩૦ લાખ રૃપિયામાં એમ.બી.બી.એસ કરી શકાય છે, જ્યારે માસિક રહેવાનો ખર્ચ ૧૫ થી ૨૦ હજાર રૃપિયા આવે છે.

કઝાકિસ્તાન-કઝાકિસ્તાનમાં પણ મેડિકલ એજ્યુકેશન સસ્તું માનવામાં આવે છે. અહીં એમબીબીએસનો અભ્યાસ ૫ વર્ષમાં પૂર્ણ થાય છે. આ દેશમાં એમ.બી.બી.એસ કરવા માટે ૧૨મા ધોરણમાં ઓછામાં ઓછા ૫૦% માર્કસ હોવા જરૃરી છે. અહીંથી ૨૫ લાખ રૃપિયા સુધીમાં મેડિકલનો અભ્યાસ કરી શકાય છે.

રશિયા-ભારતમાંથી દર વર્ષે ૨૦થી ૨૫ હજાર વિદ્યાર્થીઓ રશિયામાં ૬ વર્ષના એમ.બી.બી.એસ ના અભ્યાસ માટે જાય છે. વ્યાજબી અને ક્વોલિટી મેડિકલ એજ્યુકેશન માટે સ્ટુડન્ટ્સ અહીં જવાનું પસંદ કરે છે. યૂરોપના મેડિકલ કોલેજોની સરખામણીમાં અહીં ફી (૨થી ૫ લાખ રૃપિયા વાર્ષિક) ખૂબ ઓછી છે.

ફિલીપાઈન્સ-સાઉથ-ઈસ્ટ એશિયાનો આ દેશ ભારતીય સ્ટુડન્ટ્સ માટે ૬ વર્ષના એમ.બી.બી.એસ ના અભ્યાસ માટે સસ્તો, સારો અને સરળ ઓપ્શન છે. જોકે, ક્વોલિટી ઈન્સ્ટીટયૂટ શોધવા માટે રીસર્ચ ખૂબ જરૃરી છે. અહીં સંપૂર્ણ કોર્સ માટે ફી માત્ર ૧૫થી ૨૫ લાખ રૃપિયા છે. મોટા પ્રમાણમાં ભારતીય વિદ્યાર્થીઓ અહીં અભ્યાસ માટે જાય છે.

યુક્રેન-આ દેશ ભારતીય વિદ્યાર્થીઓ માટે સરળ અને સારી ચોઈસ છે. જોકે, યુક્રેન-રશિયા યુદ્ધ બાદ સ્થિતિઓ ખાસ સારી નથી. ૧૫થી ૨૦ લાખ રૃપિયાની વાર્ષિક ફી સાથે અહીંના સરકારી ઈન્સ્ટીટયૂટ ખાસ કરીને ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ માટે ખૂબ સારો ઓપ્શન છે.

જોર્જિયા-મેડિકલ સ્ટડીઝ માટે આ દેશ તે વિદ્યાર્થીઓમાં ખબૂ પોપ્યુલર છે, જેઓ વધારે ફી આપીને યૂરોપમાંથી એમ.બી.બી.એસકરવા ઈચ્છે છે. અહીં નીટ જેવી અઘરી પરીક્ષાઓનું પ્રેશર નથી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, મેડિકલ ઈક્વિપમેન્ટ્સ અને સુવિધાઓની ક્વોલિટી ખૂબ સારી છે. અભ્યાસનો ખર્ચ પણ ૨થી ૫ લાખ રૃપિયા વાર્ષિક આવે છે.


ચીન-જે વિદ્યાર્થીઓને ભારતમાં સરકારી સીટ્સ નથી મળી શકતી, તેમના માટે ચીન એક સારો ઓપ્શન છે. એમ.બી.બી.એસ માટે દર વર્ષે ચીનમાં ૧૨થી ૧૫ હજાર વિદ્યાર્થીઓ જાય છે. અહીં પણ અભ્યાસનો ખર્ચ ૧૫થી ૨૫ લાખ રૃપિયાની વચ્ચે છે.

વિદેશથી એમ.બી.બી.એસ કર્યા પછી શું થશે? એમ.બી.બી.એસ પૂર્ણ કર્યા પછી વિદેશથી પરત આવતા વિદ્યાર્થીઓએ ભારતમાં મેડિસિન પ્રેક્ટિસ કરવા માટે ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ પરીક્ષા આપવી પડે છે. એક વાત ખાસ યાદ રાખો કે આ પરીક્ષામાં પાસ થવાનો દર ખૂબ જ નીચો છે.આ પરીક્ષા પાસ કર્યા પછી ભારતમાં એક વર્ષની (બાર મહિના)ઈન્ટર્નશીપ ફરજિયાત કરવી પડે છે. આ ઈન્ટરનશીપ કર્યા પછી તેઓ રજીસ્ટ્રેશન કરાવી શકે છે, અને ત્યાર પછી જ અહીં મેડિસિન પ્રેક્ટિસ કરવાની છૂટ મળે છે. આ પરીક્ષાને મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા સ્ક્રીનિંગ ટેસ્ટ પણ કહેવામાં આવે છે. ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ પરીક્ષાનું આયોજન નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન ઈન મેડિકલ સર્વિસીસ દ્વારા કરવામાં આવે છે. આ પરીક્ષા વર્ષમાં બે વખત જૂન અને ડિસેમ્બરમાં લેવામાં આવે છે.ફરીથી અહીં યાદ રાખવું પડશે કે વિદેશમાં એમબીબીએસ નો અભ્યાસ કર્યા પછી ભારતની અંદર રજીસ્ટર ડોક્ટર તરીકે રજીસ્ટ્રેશન માટે ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ ની પરીક્ષા પાસ કરવી ફરજીયાત છે. બીજું આ પરીક્ષામાં પાસ થવાનો દર ખૂબ જ ઓછો છે. જો તમે આ પરીક્ષા પાસ ન કરી શકો તો ભારતની અંદર રજીસ્ટર ડોક્ટર તરીકે પ્રેક્ટિસ કાયદેસર રીતે ના કરી શકાય.

### અલ્હાબાદ હાઈકોર્ટે છૂટાછેડાના કેસમાં મોટો નિર્ણય સંભળાવ્યો

# પત્ની પડદો રાખતી નથી, છૂટાછેડા લેવા છે...' હાઈકોર્ટે પતિને ફટકાર લગાવી

## પત્નીનું પોતાની મરજીથી ઘરની બહાર નીકળવું, બુરખો ન પહેરવો અને લોકો સાથે મિત્રતા કરાવી એ પતિ વિરુદ્ધ ક્રૂરતા ગણી શકાય નહીં




ઉત્તરપ્રદેશ,તા.૨

ઉત્તર પ્રદેશની અલ્હાબાદ હાઈકોર્ટે છૂટાછેડાના કેસમાં મોટો નિર્ણય સંભળાવ્યો છે. કોર્ટે પતિની અરજી સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો કે, જો તેની પત્ની પડદો રાખશે નહીં તો તે માનસિક ક્રૂરતાના આધારે છૂટાછેડા લેવા માટે હકદાર છે. જસ્ટિસ સૌમિત્ર દયાલ સિંહ અને જસ્ટિસ દોનાડી રમેશની બેંચે ચુકાદો આપ્યો હતો કે, પત્નીનું પોતાની મરજીથી ઘરની બહાર નીકળવું, બુરખો ન પહેરવો અને લોકો સાથે મિત્રતા કરાવી એ પતિ વિરુદ્ધ ક્રૂરતા ગણી શકાય નહીં.

પતિએ આરોપ લગાવ્યો હતો કે તેની પત્ની બીજા પુરુષ સાથે સંબંધ રાખતી હતી અને તે બજારમાં અને અન્ય સ્થળોએ એકલી જતી હતી અને પડદા(બુરખા)થી પોતાને ઢાંકતી પણ નહીં.

અહેવાલ મુજબ, અપીલ કરનાર-પતિનો કેસ એ હતો કે બંને પક્ષોએ ફેબ્રુઆરી ૧૯૯૦માં લગ્ન કર્યા હતા અને ડિસેમ્બર ૧૯૯૫માં બંને પક્ષોને એક પુત્રનો જન્મ થયો હતો. બંને પક્ષોએ કુલ મળીને માત્ર ૮ મહિના ગાળ્યા હતા અને છેલ્લે ડિસેમ્બર ૨૦૦૧માં સાથે રહ્યા હતા. બંને પક્ષોએ સ્વીકાર્યું કે, તેઓ સાથે રહેતા ૨૩ વર્ષ વીતી ગયા છે અને તેઓ હવે અલગ રહે છે.

પતિનો પત્ની પર આરોપ હતો કે, તેની પત્ની અન્ય પુરુષ સાથે સંબંધમાં હતી અને તે એકલી જ બજાર અને અન્ય સ્થળોએ જતી હતી અને પોતાને પડદો રાખીને ઢાંકતી પણ નહોતી. તેણે એમ પણ કહ્યું કે, તેની આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે તેની પત્ની તેની સાથે દુર્વ્યવહાર કરતી હતી. પતિએ દાવો કર્યો કે, આવા કૃત્યો અને અન્ય કૃત્યો તેની સામે ક્રૂરતાનો મામલો છે.

ખંડપીઠે કહ્યું કે, જો પત્ની પોતાની રીતે કામ કરે છે. કોઈ વ્યક્તિ સાથે અવૈધ કે અનૈતિક સંબંધો રાખ્યા વિના તેની સાથે અથવા એકલી મુસાફરી કરે છે અથવા સમાજના અન્ય લોકોને મળે છે,

આ હકીકતોના આધારે આવા કાર્યોને ક્રૂરતા કહી શકાય નહીં. હાઈકોર્ટે કહ્યું કે, બંનેના લગ્ન પરિવારે કરાવ્યા હતા અને એકબીજાની આર્થિક સ્થિતિ જાણતા હતા અને અલગ થયા પહેલા તેઓ થોડા દિવસો સુધી સાથે રહેતા હતા. બંને પક્ષ સારી રીતે વાંચી-લખી શકે છે. અપીલકર્તા પતિ એક લાયકાત ધરાવતા એન્જિનિયર છે અને પ્રતિવાદી પત્ની સરકારી શિક્ષિકા છે.

### આ વર્ષનો ગુણોત્સવ ૨.૦ કુલ ચાર તબક્કામાં યોજાશે

# રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં સરેરાશ ૩૫ હજારથી વધુ શાળાઓનું એક્રેડિટેશન કરાયું

## વર્ષ ૨૦૦૯થી ચાલતા ગુણોત્સવમાં શિક્ષણમાં બદલાતા પ્રવાહોનો સમાવેશ કરી વર્ષ ૨૦૧૯થી ગુણોત્સવ ૨.૦ એટલે કે સ્કૂલ એક્રેડિટેશનનું નવું સ્વરૂપ આપવામાં આવ્યું છે

અમદાવાદ,તા.૨

વિકસીત રાષ્ટ્રના નિર્માણના પાયામાં શિક્ષણ રહેલું છે. શિક્ષિત રાજ્ય થકી જ વિકસિત દેશની વિભાવના સાર્થક થશે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી તેમજ ગુણોત્સવ જેવા શિક્ષણલક્ષી કાર્યક્રમો થકી શિક્ષિત રાજ્ય બનવાની નેમ શરૂ કરી હતી. જેને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ નવા દિશા અને વિચારો સાથે આગળ ધપાવી રહ્યા છે.

વર્ષ ૨૦૦૯થી ચાલતા ગુણોત્સવમાં શિક્ષણમાં બદલાતા પ્રવાહોનો સમાવેશ કરી વર્ષ ૨૦૧૯થી ગુણોત્સવ ૨.૦ એટલે કે સ્કૂલ એક્રેડિટેશનનું નવું સ્વરૂપ આપવામાં આવ્યું છે. જે અંતર્ગત વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૪ દરમિયાન સરેરાશ ૩૫ હજારથી વધુ શાળાઓમાં એક્રેડિટેશન કરવામાં આવ્યું છે. જેના થકી શિક્ષણના સ્તરમાં નોંધપાત્ર વધારો થયો છે.

શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર શૈક્ષણિક ગુણવત્તામાં અભિવૃદ્ધિ માટે નિરંતર પ્રયત્નો કરી રહ્યા છે. રાજ્યમાં આ વર્ષનો ગુણોત્સવ ૨.૦ કુલ ચાર તબક્કામાં યોજાશે જેમાં પ્રથમ અને બીજા સોપાનની કામગીરી ૩૦ ડિસેમ્બર ૨૦૨૪થી ૧૮ જાન્યુઆરી ૨૦૨૫ સુધી યોજાશે. જેમાં રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓને આવરી લેવાશે. સાથે જ આશ્રમશાળાઓમાં પણ આ કામગીરી હાથ ધરવામાં આવશે. ગુણોત્સવ ૨.૦ માટે પ્રાથમિક અને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની માર્ગદર્શિકા ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા તૈયાર કરવામાં આવી છે. જેમાં કુલ ચાર ક્ષેત્રમાં સ્કૂલ એક્રેડિટેશન પ્રક્રિયા હાથ ધરાશે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ મુજબ સ્કૂલ એક્રેડિટેશનના ત્રીજા સોપાનમાં સુધારો કરવામાં આવ્યો છે. જેમાં હાજરી, સામયિક કસોટી, સત્રાંત કસોટી, પ્રથમ, દ્વિતીય અને વાર્ષિક પરીક્ષા, બોર્ડની પરીક્ષા, મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ પરીક્ષામુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા જેવી નવી બાબતોનો સમાવેશ થાય છે. જ્યારે, ચોથા સોપાનમાં રાજ્યમાં સ્કૂલ એક્રેડિટેશન થયેલ શાળાઓ પૈકીની મહત્તમ ૩૩ ટકા સુધીની શાળાઓનું વેરિફાયર્સ (સ્કૂલ ઈન્સ્પેક્ટર્સ) દ્વારા ક્રોસ વેરિફિકેશન બાદ શાળાઓના રિપોર્ટ કાર્ડ પ્રસિદ્ધ કરવામાં આવશે.

આ ઉપરાંત જિલ્લાના આચાર્યો, મુખ્ય શિક્ષકો તેમજ સી.આર.સી કોઓર્ડીનેટરને સ્કૂલ અક્રેડીટેશન ફ્રેમ વર્ક સંબંધે જરૂરી માર્ગદર્શન મળી રહે તેવા ઉમદા શુભાશયથી **DIKSHA Portal** પર ઓનલાઈન કોર્સિસ પણ મુકવામાં આવ્યા છે, જે રાજ્યના તમામ શિક્ષકોને સમયસર અને ઝડપી માર્ગદર્શન આપવામાં મદદરૂપ સાબિત થશે.

### કુલ ૧૨,૪૭૨ ખાલી જગ્યાઓ પર યોજાશે ભરતી

# પીએસઆઈ અને કોન્સ્ટેબલની ભરતી માટેના કોલ લેટર જાહેર કરાયા

## અરજદારો હવે ઓફિશિયલ વેબસાઈટ પરથી પોતાનું કૉલ લેટર ડાઉનલોડ કરી શકે છે

ગાંધીનગર,તા.૨

ગુજરાત પોલીસ વિભાગે **PSI** અને કોન્સ્ટેબલ (લોકરક્ષક) સહિત વિવિધ પદોની ભરતી માટેના કૉલ લેટર જાહેર કર્યા છે. કુલ ૧૨,૪૭૨ ખાલી જગ્યા માટે આ ભરતી યોજાઈ રહી છે. અરજદારો હવે ઓફિશિયલ વેબસાઈટ પરથી પોતાનું કૉલ લેટર ડાઉનલોડ કરી શકે છે. કૉલ લેટર ઉમેદવારો માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે તે વિના પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ મળશે નહીં.

ઉમેદવારોએ કૉલ લેટરમાં આપેલી તમામ વિગતો ધ્યાનપૂર્વક ચકાસવી જોઈએ. જો કોઈ ભૂલ હોય તો તે તાત્કાલિક ગુજરાત પોલીસ વિભાગને જાણવી જોઈએ.

ગુજરાત પોલીસ દ્વારા યોજાતી આ ભરતીમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે ઉમેદવારોને ફિઝિકલ ફિટનેસ પર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે. તે ઉપરાંત, શારીરિક કસોટી પૂરી થયા પછી લખિત પરીક્ષાની તૈયારી શરૂ કરી દેવી જોઈએ.

# નવા વર્ષ નિમિત્તે કોર્ટમાં જ ન્યાયાધીશની આત્મહત્યાથી ખળભળાટ મચી ગયો

## યેકેલે રાજ્યપાલને પત્ર લખીને પોતાના પદ પરથી રાજીનામું આપવાનો પ્રયાસ કર્યો હતો યેકેલે પત્રમાં જણાવ્યું હતું કે તેઓ ૩૦ ડિસેમ્બરથી રાજીનામું આપશે

જ્યોર્જિયા,તા. ૨

નવા વર્ષ નિમિત્તે કોર્ટમાં જ ન્યાયાધીશની આત્મહત્યાથી ખળભળાટ મચી ગયો છે. જ્યોર્જિયાથી આ ખરાબ સમાચાર સામે આવ્યા છે.જજ સ્ટીફન યેકલ, ૭૪, મંગળવારે તેમના સ્ટાફ દ્વારા મૃત મળી આવ્યા હતા. સવારે ૧૦ વાગ્યાની આસપાસ એફિંગહામ કાઉન્ટી સ્ટેટ કોર્ટહાઉસની અંદર મળી તપાસમાં જાણવા મળ્યું છે કે યેકેલે રાજ્યપાલને પત્ર લખીને પોતાના પદ પરથી રાજીનામું આપવાનો પ્રયાસ કર્યો હતો. યેકેલે પત્રમાં જણાવ્યું હતું કે તેઓ ૩૦ ડિસેમ્બરથી રાજીનામું આપશે.

યેકેલ, મૃત મળી આવેલા ન્યાયાધીશની ૨૦૨૨ માં રાજ્યની અદાલતમાં નિમણૂક કરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, તેમણે તાજેતરમાં જ તેમના પદ પરથી રાજીનામું આપવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ જ્યોર્જિયાના ગવર્નર બ્રાયન કેમ્પે ના પાડી દીધી હતી. મંગળવારે સવારે ૧૦ વાગ્યાની આસપાસ એફિંઘમ કાઉન્ટી સ્ટેટ કોર્ટહાઉસમાં તે મૃત હાલતમાં મળી આવ્યો હતો. તપાસકર્તાઓનું માનવું છે કે તેનું મૃત્યુ સોમવારે મોડી રાત્રે અથવા મંગળવારે સવારે થયું હશે.એવું નોંધવામાં આવ્યું હતું કે જે દિવસે સ્ટીફન યેકલ મૃત હાલતમાં મળી આવ્યો હતો તે દિવસે કોર્ટમાં તેનો છેલ્લો દિવસ હતો. ફરી ચૂંટણીમાં તેમનો પરાજય થયો હતો. શેરિફ જીમી મેકડફીએ યેકલના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને કહ્યું કે આ કોઈના માટે સારું નથી, પરિવાર નારાજ છે. વર્ષનો આ સમય આનંદનો સમય માનવામાં આવે છે અને હવે તેમને તે મળી ગયો છે. હું કલ્પના કરી શકતો નથી. જો તેમને અમારી પાસેથી કંઈપણની જરૂર હોય તો અમે ઉપલબ્ધ હોઈશું.પ્રાથમિક તપાસમાં આ માહિતી પણ સામે આવી રહી છે. સ્ટીફન યેકેલ પણ કોર્ટ કર્મચારી લિસા ક્રોફોર્ડ તરફથી મુકદ્દમાનો સામનો કરી રહ્યા હતા, જે દાવો કરે છે કે યેકેલે તેને ખોટી રીતે તેના પદ પરથી કાઢી મૂક્યો હતો. યેકેલ પર કર્મચારીને તેના પદ પરથી દૂર કરવાનો આરોપ હતો જેથી જ્યારે તે પદ સંભાળે ત્યારે તે પોતાના કર્મચારીઓને લાવી શકે.

### અમરેલી લેટરકાંડ

# પટેલ સમાજની દીકરીનું સરઘસ કઢવા મુદ્દે ગરમાયું રાજકારણ, ભાજપ-કોંગ્રેસ આમને-સામને

## લેટરકાંડ મામલે પટેલ સમાજની દીકરીની કોઈને બદનામ કરવાનો ઈરાદો ન હતો, તેણે ફક્ત પોતાના માલિકના જણાવ્યા અનુસારનું ટાઈપ કર્યું હતુ

અમરેલી,તા.૨

અમરેલીમાં તાલુકા પંચાયત પ્રમુખ કિશોર કાનપરીયાના નામ વાળો નકલી લેટરપેડ સોશિયલ મીડિયામાં વાઈરલ કરવાના મામલે કાનપરીયાએ પોલીસમાં ફરિયાદ કરી હતી અને કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલને પત્ર લખીને ઘટના અંગે જણાયું હતું. લેટરમાં ધારાસભ્યને બદનામ કરવાના મામલે ભાજપના પૂર્વ હોદેદાર અને એક મહિલા સહિત ૪ કાર્યકરોની પોલીસે ધરપકડ કરી હતી. આ પછી પોલીસે કથિત લેટરકાંડમાં પટેલ સમાજની કુવારી દીકરીનું સરઘસ કાઢ્યું હતું. સમગ્ર મામલામાં કોંગ્રેસ નેતાની એન્ટ્રીથી સ્થાનિક રાજકારણ ગરમાયું છે, ત્યારે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાત દ્વારા મુખ્યમંત્રી અને ખોડલ ધામના નરેશ પટેલને સંબોધીને પત્ર લખ્યો હતો.

પત્રમાં પ્રતામ દુધાતે લખ્યું હતું કે, 'અમરેલી જિલ્લામાં ભાજપના અંદરો અંદર ગ્રુપમાં લેટરકાંડ થયો હતો. જેમાં પોતાના માલિકના કહેવા પ્રમાણે ઓપરેટર તરીકે કામ કરતી પટેલ સમાજની દીકરીએ ટાઈપ કર્યું હતું. લેટરકાંડ મામલે પટેલ સમાજની દીકરીની કોઈને બદનામ કરવાનો ઈરાદો ન હતો, તેણે ફકત પોતાના માલિકના જણાવ્યા અનુસારનું ટાઈપ કર્યું હતું. તેમ છતા આ દીકરીને આરોપી બનાવી રાત્રે ૧૨ વાગ્યે અમરેલી પોલીસે ધરપકડ કરીને બીજા દિવસે રિકન્સ્ટ્રક્શનના નામે મુખ્ય રોડ પર તેનું સરઘસ કાઢતા હોય એ રીતે ચલાવીને બનાવના સ્થળ પર લઈ ગયા હતા. અમરેલી પોલીસ દ્વારા એક ભાજપના નેતાનો અહમ સંતોષવા માટે આ પ્રમાણે કૃત્ય કર્યું જેમાં કાયદો અને બંધારણીય જોગવાઈ મુજબ કોઈ મહિલા રાત્રિના સમયે ધરપકડ ના કરી શકાય અને કોઈ પણ મહિલાની ઓળખ છતી થાય એમ લોકો વચ્ચા લાવવામાં ના આવે તેમ છતા તેનું સરઘસ કાઢવામાં આવ્યું. આમ અમરેલી પોલીસે બંધારણીય દૃષ્ટિએ આ દીકરી સાથે અન્યાય કર્યો છે. અમરેલીમાં ગુનેગારો, બુટલેગરો, ખનીજ ચોર વગેરેના આરોપીનું ક્યારેય સરઘસ કાઢ્યું નથી, આ ઉપરાત ઘણા આરોપીઓ ફરાર છે અને ખુલ્લેઆમ ફરી રહ્યા હોવા છતા તેમને ક્યારેય પકડવામાં આવતા નથી. જેથી અમરેલી પોલીસ અધિકારી સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે એવી અમારી માગ છે.' અમરેલીમાં લેટરકાંડ મામલે સ્થાનિક રાજકારણ ગરમાયું છે. લેટરકાંડમાં પોલીસે એક મહિલા સહિત ચાર આરોપીને ઝડપી પાડ્યા હતા. ત્યારબાદ પોલીસે આરોપીની રિકન્સ્ટ્રક્શનની કાર્યવાહી કરી હતી. જેમાં પટેલ સમાજની દીકરીનું સરઘસ કાઢ્યું હોવાથી તેને લઈને અનેક સવાલો ઉઠી રહ્યા છે. સમગ્ર ઘટના મામલે ઋષિકેશ પટેલે કહ્યું હતું કે, 'મે સ્થળની મુલાકાત લીધી હતી. દીકરીનું સરઘસ નહોંતુ કાઢ્યું પણ ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાયું હતું.'

# ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા થલતેજમાં અદ્યતન વાંચનાલય બનાવાશે

અમદાવાદ,તા.૨

ગૂજરાત વિદ્યાપીઠના અમદાવાદના થલતેજ વિસ્તારમાં આવેલા ગ્રામ વિસ્તરણ કેન્દ્રના પુસ્તકાલયને અદ્યતન બનાવાશે. યુવાનો આ વાંચનાલયનો મહત્તમ ઉપયોગ કરે એ પ્રકારે તેનો વિકાસ કરાશે. ગૂજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં આજે યોજાયેલી ગૂજરાત વિદ્યાપીઠ મંડળની બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો.



કુલાધિપતિ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષપદે મળેલી ગુજરાત વિદ્યાપીઠ મંડળની બેઠકમાં મહત્વના નિર્ણયો લેવાયા.

### લખનઉમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી

# હોટલમાં ખેલાયો ખૂની ખેલ, ૨૪ વર્ષના પુત્રએ માતા અને ૪ બહેનોની કરી હત્યા

લખનઉ,,તા.૨

ઉત્તર પ્રદેશના લખનઉમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. એક જ પરિવારના પાંચ સભ્યો માર્યા ગયા હતા. નાકા વિસ્તાર પોલીસ સ્ટેશનમાં હોટલ શરણજીતમાં આ ઘટના પ્રકાશમાં આવી છે, જેમાં આરોપી અરશદ (૨૪ વર્ષ) એ પરિવારના પાંચ સભ્યોની હત્યા કરી હતી. આ ઘટના બાદ પોલીસે આરોપીની ધરપકડ કરી હતી.

મૃતકોની ઓળખ આલિયા (૯ વર્ષ), અલશિયા (૧૯ વર્ષ), અક્સા (૧૬ વર્ષ), રહમીન (૧૮ વર્ષ) અને અસ્મા (માતા) તરીકે થઈ હતી. આરોપીઓની ઓળખ આગ્રાના રહેવાસી અરશદ તરીકે થઈ છે.

આ ઘટનાની જાણ થતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પુરાવા એકત્ર કરવા માટે ફિલ્ડ યુનિટને પણ બોલાવવામાં આવી રહ્યું છે. આરોપીની સ્થળ પરથી ધરપકડ કરવામાં આવી છે. આ કેસમાં વિગતવાર તપાસ ચાલી રહી છે.

# ગીર સોમનાથની ઉના તાલુકા પંચાયતની ચૂંટણીમાં ઉમેદવારની ખોટી એફિડેવિટ બાબતે તપાસનો આદેશ

અમદાવાદ, તા.૨

ગીર સોમનાથ જિલ્લામાં ઉના તાલુકા પંચાયતની વર્ષ ૨૦૧૫માં ચૂંટણીમાં બાંધકામ સમતિના ચેરમેન મોહન ભીમાભાઈ વાંજાએ ઉમેદવારી ફોર્મમાં સોંગદનામું રજૂ કર્યું હતું, જેમાં તેમણે જમીન મિલ્કતની હકીકત છુપાવી હતી, બાદમાં ૨૦૨૧ની ચૂંટણી વખતે તેમણે પોતાના ઉમેદવારી ફોર્મમાં આ હકીકતો જાહેર કરી હતી. આ બાબતે ગેરરીતિ થઈ હોવાથી ચૂંટણી પંચ કે પોલીસ સત્તાવાળાઓ તરફથી કોઈ કાર્યવાહી નહી થતાં હાઈકોર્ટમાં રિટ અરજી દાખલ થઈ છે. જેની સુનાવણીમાં જસ્ટિસ સંદીપ એન.ભટ્ટે સમગ્ર મામલામાં યોગ્ય તપાસ કરી ચાર સપ્તાહમાં નિર્ણય લેવા સંબંધિત સત્તાવાળાઓને હુકમ કર્યો હતો અને તેની બે સપ્તાહમાં અરજદારને જાણ કરવા તાકીદ કરી હતી. અરજદારપક્ષ તરફથી અરજીમાં આક્ષેપ કરાયો હતો કે, પોલીસ દ્વારા સમગ્ર મામલામાં રાજકીય વગ અને પ્રભાવ હેઠળ કામગીરી કરાઈ છે અને તેથી અરજદારની અરજી ઉપર કાયદેસર કાર્યવાહી કરવાને બદલે અરજી દફતરે કરી દેવામાં આવી છે. તેથી હાઈકોર્ટે આ સમગ્ર પ્રકરણમાં ઉના પ્રાંત અધિકારી, સ્થાનિક પોલીસ સહિતના સત્તાવાળાઓને ચૂંટણી નિયમો અને કાયદાકીય જોગવાઈ અનુસાર પ્રતિવાદી બાંધકામ સમિતિના ચેરમેન વિરૂધ્ધ એફઆઈઆર દાખલ કરવા સહિતના યોગ્ય પગલા લેવા માટે હુકમ કરવો જોઈએ. અરજદારપક્ષની રજૂઆત ધ્યાને લીધા બાદ હાઈકોર્ટે ઉપરોકત હુકમ કર્યો હતો. કેસની વિગતો મુજબ ઉનાના સ્થાનિક સામાજિક કાર્યકર તરફથી ગુજરાત હાઈકોર્ટ સમક્ષ કરાયેલી રિટ અરજીમાં રજૂઆત કરવામાં આવી હતી કે, ઉના તાલુકા પંચાયતની વર્ષ ૨૦૧૫માં ચૂંટણીમાં બાંધકામ સમતિના ચેરમેન મોહનભાઈ ભીમાભાઈ વાંજાએ ઉમેદવારી ફોર્મમાં સોંગદનામું રજૂ કર્યું હતું, જેમાં તેમણે જમીન મિલ્કતની હકીકત છુપાવી હતી, બાદમાં ૨૦૨૧ની ચૂંટણી વખતે તેમણે પોતાના ઉમેદવારી ફોર્મમાં આ હકીકતો જાહેર કરી હતી. જેથી અરજદારપક્ષ દ્વારા આ સમગ્ર મામલે ચૂંટણી પંચ, ગીર સોમનાથ જિલ્લા કલેકટર સહિતના સત્તાવાળાઓનું ધ્યાન દોરી મોહનભાઈ વાંજા તરફથી ૨૦૧૫માં ખોટુ સોગંદનામું રજૂ કરવા બદલ કાયદાનુસાર કાર્યવાહી કરવા માંગણી કરી હતી. જેથી જિલ્લા કલેકટરને પ્રાંત અધિકારીને અરજદારની અરજી ઉપર યોગ્ય કાર્યવાહી કરવા નિર્દેશ કર્યો હતો. ઉના પ્રાંત અધિકારીએ સ્થાનિક પીઆઈને આ મામલામાં જો ફરિયાદ દાખલ થતી હોય તો કરવા નિર્દેશ કર્યો હતો. પરંતુ નવા બંદર મરીન પોલીસના પીઆઈ દ્વારા અરજદારની અરજી દફતરે કરવામાં આવી હતી

# જમ્મુ-કાશ્મીરના એક ગામમાં રહસ્યમય બીમારીએ પખવાડિયામાં નવમો જીવ લીધો

જમ્મુ, તા.૨

નિષ્ણાંતોની ટીમોએ જમ્મુ-કાશ્મીર ગામમાંથી જ્યાં એક રહસ્યમય બીમારીએ ગભરાટ ફેલાવ્યો હતો, નમૂનાઓ એકત્રિત કર્યાના દિવસો પછી સોમવારના રોજ અન્ય એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું, જેણે છેલ્લાં પખવાડિયામાં બીમારીને કારણે મૃત્યુની કુલ સંખ્યાને નવ સુધી પહોંચાડી દીધી છે. દિવસો અગાઉ, રાજૌરી જિલ્લાના બદલ ગામમાં PGI ચંદીગઢ, નેશનલ ઈન્સ્ટિટયૂટ ઑફ વાઈરોલોજી અને નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલના નિષ્ણાંતોની ટીમો હોસ્ટ કરી હતી, જેમણે બીમારીને સમજવાની અને ખોરાક અને પાણીના નમૂનાઓ એકત્રિત કરવાનો પ્રયાસ કર્યો હતો. સૂત્રોએ જણાવ્યું હતું કે, ટીમો હજુ કોઈ નિષ્કર્ષ ઉપર પહોંચવાની બાકી છે. જે મહિલાનું સોમવારે મૃત્યુ થયું હતું, તેની ઓળખ રાજીમ અખ્તર તરીકે થઈ હતી, તે પહેલાંથી જ તેના ત્રણ સગીર બાળકોને આ બીમારીમાં ગુમાવી ચૂકી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, તે ૧૨ ડિસેમ્બરે તેના બાળકોને રાજૌરીની સરકારી મેડિકલ કોલેજમાં લઈ ગઈ હતી. તેના મૃત્યુ પછી, તે ૧૯ ડિસેમ્બરે ઘરે પરત ફર્યા કારણ કે તેણીમાં કોઈ બીમારીના કોઈ લક્ષણો દેખાતા ન હતા. જો કે, સોમવારે, તેણીની તબિયત બગડી હતી અને તેણીને જીએમસી રાજૌરી લાવવામાં આવી હતી, જ્યાં તેણીએ અંતિમ શ્વાસ લીધા હતા. રહસ્યમય બીમારીને કારણે છેલ્લાં પખવાડિયામાં તેનું નવમું મૃત્યુ છે. તેમાં એક પરિવારના સાત અને બીજા પરિવારના બેનો સમાવેશ થાય છે. જમ્મુ- કાશ્મીર આરોગ્ય અને તબીબી શિક્ષણ મંત્રી, સકીના ઈતુ અને જળ શકિત મંત્રી જાવેદ રાણા, રાજૌરી જિલ્લા વહીવટીતંત્ર અને આરોગ્ય વિભાગના વરિષ્ઠ અધિકારીઓ સાથે, પણ પરિસ્થિતિની સમીક્ષા કરવા વિસ્તારની મુલાકાત લીધી છે.

# IRCTCએ ખાનગી ટ્રેનોમાં વિલંબ માટે મુસાફરોને વળતર ચૂકવવાનું બંધ કર્યું : RTI

(એજન્સી) તા.૨

IRCTCએ માહિતી આપી છે કે તેણે પાંચ વર્ષ પહેલા ખાનગી ટ્રેનોમાં વિલંબ ઉપર મુસાફરોને વળતર આપવાની યોજના બંધ કરી દીધી હતી. માહિતી અધિકાર (RTI) કાયદા હેઠળ સમાચાર એજન્સી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીના જવાબમાં આ માહિતી પ્રાપ્ત થઈ છે. રેલ્વે મંત્રાલયે રેલ્વેની તમામ કેટરિંગ અને પ્રવાસન પ્રવૃત્તિઓનું સંચાલન કરવાના મૂળભૂત ઉદ્દેશ્ય સાથે ભારતીય રેલ્વે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન (IRCTC)ની સ્થાપના કરી હતી. તે હાલમાં ટિકિટ બુકિંગ અને ખાનગી ટ્રેનોનું સંચાલન કરે છે. IRCTC અનુસાર, આ યોજના હેઠળ, ૪ ઓક્ટોબર ૨૦૧૯થી ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૪ સુધી મુસાફરોને વળતર તરીકે ૨૬ લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા. માહિતી અનુસાર, વર્ષ ૨૦૨૩-૨૪માં જ મુસાફરોને ૧૫.૬૫ લાખ રૂપિયાનું વળતર આપવામાં આવ્યું હતું. RTIના જવાબમાં IRCTCએ જણાવ્યું હતું કે, 'ખાનગી ટ્રેનોના વિલંબ અથવા દોડવાના કિસ્સામાં વળતર આપતી યોજના ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૪થી બંધ કરવામાં આવી છે.' કોર્પોરેશને આ પગલું ગોપનીય હોવાનું કહીને આમ કરવા પાછળના કારણો જણાવવાનો ઈનકાર કર્યો છે. RTI જવાબ અનુસાર, IRCTC બે તેજસ ટ્રેન ચલાવે છે-એક નવી દિલ્હીથી લખનૌ (૪ ઓક્ટોબર ૨૦૧૯થી) અને બીજી અમદાવાદથી મુંબઈ (૧૭ જાન્યુઆરી ૨૦૨૦થી). મુસાફરોને વળતર ચૂકવવા પાછળનું કારણ તેમને આ ટ્રેનો તરફ આકર્ષવાનું હતું, જે માર્કેટિંગ પ્રવૃત્તિઓનો એક ભાગ હોવાનું તેણે જણાવ્યું હતું. RTI જવાબમાં જણાવ્યું હતું. કે,૨૦૧૯-૨૦માં રૂા. ૧.૭૮ લાખનું વળતર, ૨૦૨૦-૨૧માં શૂન્ય, ૨૦૨૧-૨૨માં રૂા.૯૬,૦૦૦, ૨૦૨૨-૨૩માં રૂા.૭.૭૪ લાખ અને ૨૦૨૩-૨૪માં રૂા.૧૫.૬૫ લાખનું વળતર નિગમ દ્વારા મુસાફરોને આપવામાં આવ્યું છે. ટ્રેનના વિલંબના કિસ્સામાં મુસાફરને વળતરની રકમના પ્રશ્ન ઉપર તેણે જણાવ્યું હતું કે ૬૦થી૧૨૦ મિનિટના વિલંબ માટે મુસાફરોને વળતર તરીકે ૧૦૦ રૂપિયા આપવામાં આવ્યા હતા અને ૧૨૦થી૨૪૦ મિનિટના વિલંબ માટે ૨૫૦ રૂપિયા આપવામાં આવ્યા હતા. IRCTCના જણાવ્યા અનુસાર, ટ્રેન રદ થવા ઉપર, મુસાફરોને સંપૂર્ણ ભાડું પરત કરવામાં આવ્યું હતું અને વિલંબના કિસ્સામાં, મુસાફરોને ભોજન અને પાણીની સુવિધા પણ આપવામાં આવી હતી.

# દિલ્હી સરકારે ગેરકાયદેસર બાંગ્લાદેશી બાળકોને શાળાઓમાં પ્રવેશ આપવા ઉપર પ્રતિબંધ મૂક્યો

નવી દિલ્હી, તા.૨

દિલ્હી સરકારે ગેરકાયદેસર બાંગ્લાદેશી વસાહતીઓના બાળકોને સરકારી અને ખાનગી શાળાઓમાં પ્રવેશ ઉપર પ્રતિબંધ મૂકતા વિવાદાસ્પદ પગલાની જાહેરાત કરી છે. ડિરેક્ટોરેટ ઑફ એજ્યુકેશન દ્વારા સોમવારે જારી કરાયેલા આ આદેશની માનવ અધિકારો અને પ્રગતિશીલ સમાજની જવાબદારીઓ ઉપર તેની અસરો અંગે તીવ્ર ટીકા થઈ રહી છે. આ પરિપત્ર શાળાઓને આવા પૃષ્ઠભૂમિના બાળકોના પ્રવેશને રોકવા માટે દસ્તાવેજ ચકાસણી હાથ ધરવા આદેશ આપે છે. જો કોઈ વિદ્યાર્થીની નાગરિકતા અંગે શંકા ઊભી થાય તો તે શાળાઓને પોલીસ અથવા સંબંધિત અધિકારીઓનો સંપર્ક કરવા સૂચના આપવામાં આવી છે. દિલ્હીના મુખ્યમંત્રી આતિશી સિંહે નિર્ણયનો બચાવ કરતા કહ્યું કે તે દિલ્હીના રહેવાસીઓના અધિકારોનું રક્ષણ કરે છે. સોશિયલ મીડિયા ઉપર સખત શબ્દોમાં નિવેદનમાં તેણીએ ભાજપ ઉપર બેવડા ધોરણોનો આરોપ લગાવ્યો છે. એક તરફ, ભાજપના નેતાઓ રોહિંગ્યાઓને દિલ્હીમાં પ્રવેશની સુવિધા આપે છે. બીજી બાજુ, આમઆદમી પાર્ટી એ સુનિશ્ચિત કરવા માટે દરેક પગલાં લઈ રહી છે કે રોહિંગ્યાઓને દિલ્હીવાસીઓના અધિકારો આપવામાં ન આવે. સિંઘે જણાવ્યું હતું કે આ આદેશ આમઆદમી પાર્ટી (AAP) ની નીતિ સાથે સુસંગત છે, અમે રોહિંગ્યા સમુદાયને દિલ્હીવાસીઓના અધિકારો આપવાની મંજૂરી આપીશું નહીં. આ પરિપત્ર સુનિશ્ચિત કરે છે કે કોઈ રોહિંગ્યા બાળકને દિલ્હીની શાળાઓમાં પ્રવેશ આપવામાં ન આવે. દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (MCD) એ પહેલાથી જ શાળાઓમાં નોંધાયેલા ગેરકાયદેસર બાંગ્લાદેશી વસાહતીઓના બાળકોને ઓળખવા માટે એક અભિયાન શરૂ કર્યું છે. સત્તાવાળાઓ બિનદસ્તાવેજીકૃત રહેવાસીઓને ઓળખવા માટે ઝૂંપડપટ્ટી, અનૌપચારિક વસાહતો અને ફૂટપાથની તપાસ કરી રહ્યા છે. લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ દિલ્હીના મુખ્ય સચિવ અને પોલીસ કમિશનર બંનેને આવા સ્થળાંતર કરનારાઓ સામે કડક કાર્યવાહી સુનિશ્ચિત કરવા, ગેરકાયદેસર વસાહતીઓ સામે વધુ પગલાં લેવાનો નિર્દેશ આપ્યો છે. આ પગલાથી કાર્યકરો, શિક્ષકો અને કાનૂની નિષ્ણાતો ગુસ્સે થયા છે જેઓ દલીલ કરે છે કે આવી નીતિઓ ભેદભાવપૂર્ણ છે અને સંવેદનશીલ સમુદાયોને લક્ષ્ય બનાવે છે. ટીકાકારો તેમના માતાપિતાની કાનૂની સ્થિતિના આધારે બાળકોને શિક્ષણ નકારવાની નૈતિકતા ઉપર પ્રશ્ન ઉઠાવે છે અને આ પગલાં બાળકોના અધિકારો ઉપરના આંતરરાષ્ટ્રીય સંમેલનોનું ઉલ્લંઘન કરે છે. માનવાધિકારના વકીલ, એડવોકેટ ઝફરૂલ્લા ખાને કહ્યું કે, આ માત્ર કાનૂની મુદ્દો નથી પરંતુ માનવતાવાદી મુદ્દો છે. લોકશાહી સરકાર બાળકોને શિક્ષણથી વંચિત રાખવાને કેવી રીતે ન્યાયી ઠેરવી શકે, ભારતીય બંધારણ અને વિવિધ વૈશ્વિક સંધિઓ દ્વારા ખાતરી આપવામાં આવેલ મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન છે. અન્ય લોકોએ ચકાસણી પ્રક્રિયા અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, આ લઘુમતીઓના ઉત્પીડનને પ્રોત્સાહન આપે છે અને સાચા રહેવાસીઓ પણ અમલદારશાહી ઉત્સાહના ક્રોસફાયરમાં ફસાઈ શકે છે. સરકારના અભિગમે શરણાર્થીઓ અને બિન દસ્તાવેજીકૃત સ્થળાંતર કરનારાઓ અંગેની ચર્ચા પણ ફરી શરૂ કરી છે. ઘણા લોકો એવી દલીલ કરે છે કે બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ્સ અને રોહિંગ્યા શરણાર્થીઓ વચ્ચેનો તફાવત રાજકીય વાર્તામાં ઝાંખો પડી ગયો છે. મ્યાનમારમાં દમનથી ભાગી રહેલા રોહિંગ્યા શરણાર્થીઓ, દિલ્હીના રાજકારણમાં વિવાદાસ્પદ મુદ્દો રહ્યો છે. જ્યારે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ તેમના પુનર્વસનની હિમાયત કરે છે, ત્યારે દિલ્હી સરકારે સખત વલણ અપનાવ્યું છે, તેમને આવાસ, નોકરી અથવા મૂળભૂત સુવિધાઓનો ઈન્કાર કર્યો છે. AAPના વડા અરવિંદ કેજરીવાલે રોહિંગ્યાઓને દિલ્હીમાં સ્થાયી થવાથી રોકવાની તેમની સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો અને કહ્યું કે, અમે કોઈપણ સંજોગોમાં રોહિંગ્યા સમુદાયને ફ્લેટ, નોકરી અને અન્ય સુવિધાઓ પ્રદાન ક્યારેય પણ કરીશું નહીં.

# PMના ડબલ એન્જિનનું મધ્ય પ્રદેશ દર મહિને ૫૦૦૦ કરોડ રૂપિયાની લોન કેમ લઈ રહ્યું છે ?




નવી દિલ્હી, તા.૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી વારંવાર કહે છે કે, ભારત બહુ જલ્દી વિશ્વની ત્રીજી શક્તિ બની જશે. તે ડબલ એન્જિન સરકારનો પણ ઉલ્લેખ કરે છે. ડબલ એન્જિન એટલે કે કેન્દ્રની જેમ રાજ્યોમાં પણ ભાજપ કે એનડીએ પાર્ટીની સરકાર હોય પરંતુ આ સરકારોની આર્થિક સ્થિતિ ખરાબથી ખરાબ થઈ રહી છે. આ મામલે મધ્યપ્રદેશ સરકાર પણ એક મોટું ઉદાહરણ છે. વર્ષમાં સરેરાશ 'મધ્યપ્રદેશના ખખડેલ આર્થિક એન્જિન'ને ખેંચવા માટે દર મહિને ૫૦૦૦ કરોડ રૂપિયાનું 'ઈંધણ' ખર્ચવામાં આવે છે અથવા લોન લેવી પડે છે. મધ્યપ્રદેશમાં વર્ષ ૨૦૨૩માં વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી. ભાજપ ફરી સત્તામાં આવી. મોહન યાદવને મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા. યાદવે ૧૩ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ મુખ્યમંત્રી પદની બાગડોર સંભાળી હતી. છેલ્લા એક વર્ષ અને ૧૫ દિવસમાં એવો કોઈ મહિનો નથી ગયો જ્યારે સરકારે લોન લેવી ન પડી હોય. ઉલ્લેખનીય છે કે, મધ્યપ્રદેશમાં ૨૦૨૩માં ભાજપ સત્તામાં આવી. ૨૦૧૮ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસે કમલનાથના નેતૃત્વમાં ગઠબંધન સરકાર બનાવી હતી. નાથ સરકાર માત્ર ૧૫ મહિના જ ચાલી શકી. છેલ્લા ૨૧ વર્ષમાં ૧૫ મહિનાને બાદ કરતાં શિવરાજસિંહ સૌથી વધુ ૧૭ વર્ષ ભાજપ સરકારમાં મધ્યપ્રદેશના મુખ્યમંત્રી રહ્યા હતા. ૨૦૨૩માં મોહન યાદવે સત્તા સંભાળ્યા બાદ મધ્યપ્રદેશ સરકાર ૨૬મી ડિસેમ્બરે ૧૨મી વખત પાંચ હજાર કરોડ રૂપિયાની લોન એકત્ર કરી હતી. આ નવી લોન પછી મોહન યાદવ દ્વારા છેલ્લા વર્ષમાં લીધેલી લોનનો આંકડો ૫૨.૫૦ હજાર કરોડ રૂપિયાને સ્પર્શી ગયો છે. મધ્યપ્રદેશમાં મફત યોજનાઓ ઉપર મોટી રકમ ખર્ચાઈ રહી છે. મફત યોજનાઓમાં સરકારના ખભા ઉપર સૌથી મોટો બોજ શિવરાજસિંહ સરકાર દરમ્યાન શરૂ કરાયેલી 'લાડલી બહેના યોજના' છે. મધ્યપ્રદેશ સરકાર દરેક લાડલી બહેનને દર મહિને ૧૨૫૦ રૂપિયાની રકમ આપી રહી છે. હાલમાં આ રકમ ૧.૩૧ કરોડ બહેનોને આપવામાં આવી રહી છે. દર મહિને ૧૬૩૮ કરોડ રૂપિયાનો બોજ સરકારી તિજોરી ઉપર પડી રહ્યો છે. આર્થિક બાબતોના નિષ્ણાત શશિકાંત ત્રિવેદીએ 'સત્ય હિન્દી'ને કહ્યું, 'લોન લાંબા સમય સુધી ઉપલબ્ધ રહેશે નહીં. મધ્યપ્રદેશ સરકાર પાસે આર્થિક મજબૂતી માટે બહુ વિકલ્પ નથી. GST પછી તે પોતે કોઈ ટેક્સ લાદવાની સ્થિતિમાં નથી. જે વસ્તુઓ ઉપર સરકાર પોતાના સ્તરે ટેક્સ વસૂલ કરી શકે છે તે તમામ શક્તિથી પણ લક્ષ્યની નજીક પહોંચી શકતી નથી. ત્રિવેદીએ ઉમેર્યું કે, 'મોદી સરકારે તમામ દાવા કરવા જોઈએ. કેન્દ્રની હાલત પણ ખરાબ છે. કેન્દ્ર સરકાર ઉપર મોટું દેવું છે. જે સરકારે જૂની કારના વેચાણ ઉપર જીએસટી લગાવવા પડી રહ્યા છે. જો નુકસાન થાય તો પણ GST વસૂલવાની શક્યતા હોઈ શકે છે. તેમની હાલત ખુદ સરકારની દુર્દશાનો ચિતાર રજૂ કરે છે.

**એમપી પર ૪.૨૫ લાખ કરોડનું દેવું :**

મધ્યપ્રદેશના વર્તમાન દેવાના ચિત્ર મુજબ રાજ્ય સરકાર પર ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધીમાં ૪.૨૧ લાખ કરોડ રૂપિયાનું દેવું થવા જઈ રહ્યું છે. સરકારી તિજોરી સાથે સંકળાયેલા સૂત્રો ઓફ ધ રેકોર્ડ કહે છે, 'મફત, કરચોરી અને લક્ષ્યાંક મુજબ રાજ્યની મહત્ત્વની વસ્તુઓ ઉપર ટેક્સની વસૂલાત ન કરવી એ સ્થિતિ બગડવાના મુખ્ય કારણો છે. લોન પર વ્યાજની ચૂકવણીમાં વધુ પડતો વધારો પણ આર્થિક વ્યવસ્થાના પતન તરફ દોરી રહ્યો છે. જો પ્રત્યક્ષ રીતે જોવામાં આવે તો આર્થિક નિષ્ણાતો રૂા.૩.૬૫ લાખ કરોડના બજેટની સરખામણીમાં રૂા.૪.૨૫ લાખ કરોડની મર્યાદાને સ્પર્શતા દેવાથી ચિંતિત નથી.'

**ઘણા કામો બંધ છે, પેમેન્ટ બંધ :**

મધ્યપ્રદેશની તિજોરીની હાલત જોતા નાણાં વિભાગને રોજ એક બાજુથી બીજી તરફ જવાની ફરજ પડી રહી છે. અનેક વિભાગોના બજેટને ડાયવર્ટ કરવાના પુરાવા સામે આવ્યા છે. સરકારે અનેક વિકાસના કામો મુલતવી રાખવા પડ્યા છે અથવા અટકાવવા પડ્યા છે. મધ્યપ્રદેશના નાણાં વિભાગે છેલ્લા કેટલાક મહિનામાં ઘણા આદેશ જારી કર્યા છે. આ ઓર્ડરોમાં તેની પરવાનગી વિના ચૂકવણી રોકવા અથવા ચૂકવણી ન કરવાનો સમાવેશ થાય છે.

# દેશભરમાં ઈલેકટ્રિક વાહનોના સ્ટોરમાં નોંધપાત્ર વધારો થયો

અમદાવાદ, તા.૨

ભારતની સૌથી મોટી પ્યોરપ્લે ઈવી કંપની ઓલા ઈલેકટ્રીકે આજે દેશભરમાં તેના નેટવર્કનું વિસ્તરણ કરી તેને ૪૦૦૦ સ્ટોર્સ સુધી કરવાની ઘોષણા કરી છે. ઈવી ક્ષેત્રે વિશ્વના સૌથી નોંધપાત્ર વિસ્તરણમાંની એક દેશમાં પહોંચ, વૃદ્ધિ અને સ્વિકૃતિને પ્રોત્સાહન આપતા, ઓલા ઈલેકટ્રીક આ ક્ષેત્રમાં તેના નેતૃત્વને મજબૂત બનાવ્યું છે. સર્વિસ સુવિધાઓ સાથેના ૩૨૦૦થી વધુ નવા સ્ટોર્સની શરૂઆત સાથે કંપની સમગ્ર ભારતમાં લગભગ દરેક નગર અને તાલુકામાં ટિયર-૧ અને ટિયર-૨ શહેરોની બહાર ગાઢ પ્રવેશ કરીને મોટા પાયે ઈવી અપનાવવા માટે પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે. આ વિસ્તરણ સાથે, ઓલા ઈલેકટ્રીકે તેના #SavingWalaScooter ઝુંબેશ હેઠળ તેનું વચન પૂર્ણ કર્યું છે.

# નીતિશકુમાર અને નવીન પટનાયક માટે 'ભારત રત્ન'ની માગણી કરતા ગિરિરાજસિંહે ભારે રાજકીય ચર્ચા જગાવી

**કેન્દ્રીય મંત્રી ગિરિરાજસિંહે બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર અને ઓરિસ્સાના નવીન પટનાયક માટે માગણી કરી છે, આ માગણીનો RJD દ્વારા મશ્કરીના રૂપમાં છેદ ઉડાડવામાં આવ્યો છે અને ભાજપની નેતાગીરીમાં અટકળો અને અનુમાનો શરૂ થઈ ગયા છે**

નવી દિલ્હી, તા.૨

શાસક એનડીએના મહત્ત્વના સાથીદાર પક્ષ જેડી(યુ)એ બિહારને મુશ્કેલીના દલદલમાંથી બહાર કાઢવાના એમના નિષ્ઠા પ્રયાસો અને રાજ્યની વિકાસની ગાડીને પાટે ચઢાવવાના પ્રયાસો બદલ બિહારના મુખ્યમંત્રી અને જેડી(યુ)ના સર્વેસર્વા નીતિશકુમારને ભારત રત્ન આપીને સન્માનિત કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અનુરોધ કર્યાના બે સપ્તાહ બાદ જ કેન્દ્રના મંત્રી ગિરિરાજસિંહ એ તો વળી તેનાથી આગળ વધી માત્ર નીતિશકુમાર નહીં પણ ઓરિસ્સાના પૂર્વ સીએમ નવીન પટનાયકનું પણ ભારત રત્ન આપીને બહુમાન કરવાની માગણી કરી છે અને રાજકીય ચર્ચા જગાવી છે. બીજી તરફ આ પ્રકારની માગણીની વિરોધ પક્ષ આરજેડી દ્વારા મશ્કરી ઉડાવવામાં આવી છે અને કટાક્ષમાં એવી પ્રતિક્રિયા આપી છે કે, સીએમ નીતિશકુમારને દેશના સર્વોચ્ચ નાગરિક સન્માનથી વિભૂષિત કરતા એમને કોણ રોકે છે એ જ નવાઈની વાત છે.

જો કે, કેન્દ્રીય મંત્રીની માગણીને બહુ ગંભીરતાથી લેવામાં આવી નથી કેમ કે બિહારના બોલકા અને લડાયક નેતા નીતિશકુમારના ટીકાકાર ગણાય છે અને એમની ટીકા કરવામાં જરા પણ પાછી પાની કરતા નથી. છેલ્લા કેટલાક સમયથી ગિરિરાજસિંહ એકાએક નીતિશકુમારના વખાણ કરવા લાગ્યા છે. થોડા દિવસ પહેલા બિહાર ભાજપની કોર કમિટીની બેઠક બાદ ગિરિરાજસિંહે એવું કહ્યું હતું કે, નીતિશકુમાર અમારા નેતા છે અને રહેશે એ વિશે કોઈ ગૂંચવાડો નથી. કોર કમિટીની બેઠકમાં પણ સર્વાનુમતે તે નક્કી થયું હતું કે, બિહાર વિધાનસભાની ચૂંટણીઓમાં નીતિશકુમાર એનડીએનો ચહેરો રહેશે. ગિરિરાજસિંહે બેગુસરાઈમાં પણ આ જ પ્રકારની વાતો કરી હતી અને નીતિશકુમાર તથા નવીન પટનાયકના ભરપૂર વખાણ કર્યા હતા. પટનાયકની પાર્ટી એક સમયે એનડીએના સાથી પક્ષ તરીકે હતી પણ આ વર્ષે જ ચૂંટણીઓમાં ભાજપે પટનાયકની પાર્ટીને સત્તા ઉપરથી દૂર કરવામાં સફળતા મેળવી છે. ગિરિરાજસિંહે એવું કહ્યું હતું કે, બિહાર એક સમયે ભંગાર રસ્તા તથા ભંગાર શાળા મકાનો અને ઈમારતો માટે જ ઓળખાતું હતું પરંતનીતિશકુમારના સત્તા ઉપર આવ્યા પછી તેઓ રાજ્યને નવી ઊંચાઈઓ ઉપર લઈ ગયા છે. એ જ રીતે પટનાયકે વર્ષો સુધી ઓરિસ્સાની સેવા કરી છે એટલે આ પ્રકારના નેતાઓને ભારત રત્ન આપવામાં આવે તે માટે તેઓ સૌથી વધુ લાયક છે.

આરજેડી દ્વારા એવી ટીકા તાજેતરમાં કરવામાં આવી હતી કે, ભાજપ નીતિશકુમાર ઉપર અંકુશ જમાવીને બેઠો છે. નિવેદનને પગલે ગિરિરાજનું નિવેદન આવ્યું છે. ગયા સપ્તાહમાં આરજેડીના નેતા તેજસ્વી યાદવે એવો આક્ષેપ કર્યો હતો કે, ભાજપે સીએમના કાર્યાલયનો પૂરેપૂરો કબજો લઈ લીધો છે અને નીતિશકુમારના ચાર ખાસ સાથીઓ દિલ્હીની ભાજપની નેતાગીરી સાથે સતત સંપર્કમાં રહે છે. અમિત શાહ સ્પષ્ટપણે દેખાઈ આવે છે. આગામી વિધાનસભા ચૂંટણીઓમાં નીતિશકુમારને એનડીએના ચેહરા તરીકે રજૂ કરવામાં આવશે કે નહીં એ વિશે ભાજપમાં હજુ કોઈ સ્પષ્ટતા નથી અને સંદિગ્ધ સંકેતો મળી રહ્યા છે ખાસ કરીને કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહને આ બાબતમાં પૂછવામાં આવ્યું ત્યારે તેમણે એવું કહ્યું હતું કે, અમે સાથે બેસીને નક્કી કરશું એ પછી અમારા નિર્ણયની સૌને જાણ કરવામાં આવશે એટલે શાહના નિવેદનને લઈને એનડીએમાં નીતિશકુમારના મામલે વિખવાદ અને તિરાડ ઊભા થયાના દાવા કરવાની આરજેડીને તક મળી છે અને શાહના નિવેદનને તે વિખવાદના રૂપમાં ચગાવવા માટે પ્રયત્નશીલ છે. શાહના નિવેદન પછી જોરદાર ચર્ચા ચાલી છે કે, કદાચ ભાજપ નીતિશકુમારને એનડીએના ચેહરા તરીકે આગળ કરવા માટે તૈયાર નથી. મીડિયામાં એવી ચર્ચા છે કે, બિહારમાં કદાચ મહારાષ્ટ્ર જેવો જ વ્યૂહ કદાચ ભાજપ અમલમાં મૂકી શકે છે. નીતિશકુમાર અને ભારત રત્નની ઊઠી રહેલી માગણીનો ઉપહાસ કરતા આરજેડીના પ્રવક્તા એમ. તિવારીએ જણાવ્યું હતું કે, માત્ર ભારત રત્ન એવોર્ડ શું કામ નોબેલ પારિતોષિતની પણ માગણી કરવી જોઈએ અને કોની પાસે આ એ લોકો માગણી કરી રહ્યા છે કેન્દ્રમાં તો ભાજપની જ સરકાર છે તો એમને કોણ રોકે છે. લાગે છે કે, આ નાટક મહારાષ્ટ્રની જેમ ચૂંટણીઓ સુધી બિહારમાં પણ ચાલુ રહેશે.

# ખંભાળિયામાં વિનામૂલ્યે એક્યુપ્રેશર કેમ્પ તેમજ આધારકાર્ડ અપડેટનો કેમ્પ યોજાયો



જામ ખંભાળિયા, તા.૨

ખંભાળિયાની જાણીતી સેવા સંસ્થા શ્રી જલારામ અન્નપુર્ણા ગૃહ ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે તાજેતરમાં અત્રે બેઠક રોડ ઉપર આવેલી નવી લોહાણા મહાજન વાડી ખાતે વિના મુલ્યે એક્યુપ્રેશર તેમજ નિદાન કેમ્પ તથા રાશનકાર્ડ ઈ-કે.વાય.સી.ની કામગીરી સાથેના કેમ્પનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

લંડન સ્થિત જયેન્દ્રભાઈ હિન્ડોચાના આર્થિક સહયોગથી યોજવામાં આવેલા આ કેમ્પમાં રાજકોટના સર્વ હિત એક્યુપ્રેશર સેન્ટરના પ્રબંધક મધુબેન જોષી તેમજ તેમની ટીમ દ્વારા શરીરના દરેક રોગો જેવા કે કમરદર્દ, સાયટિકા , વા તેમજ સ્ત્રી રોગો તેમજ કોઈ પણ જુના રોગોના ઈલાજ એક્યુપ્રેશરના આધુનિક મશીનથી સારવાર કરવામાં આવી હતી. જેમાં આશરે ૩૦૦ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો. આ ઉપરાંત આ કેમ્પની સાથે અહીંની મામલતદાર કચેરીના સહકારથી રાશન કાર્ડની ઈ-કેવાયસી માટેનો પણ કેમ્પ રાખવામાં આવ્યો હતો. જેનો પણ આશરે ૧૭૫ થી વધુ લોકોએ લાભ લીધો હતો. આ કેમ્પને સફળ બનાવવા શ્રી જલારામ અન્નપુર્ણા ગૃહના ટ્રસ્ટીઓ, કમિટી મેમ્બર, તેમની ટીમ તેમજ લોહાણા મહાજન ટ્રસ્ટના સલાહકાર એડવોકેટ જયેશભાઈ નથવાણી તેમજ તેમના ધર્મપત્ની, મુકેશભાઈ ઢાંકી, કિરણભાઈ બરછા સાથે અન્ય સેવાભાવી કાર્યકરોનો નોંધપાત્ર સહયોગ સાંપળ્યો હતો. આ તબક્કે ટ્રસ્ટ દ્વારા દાતાઓ તેમજ તમામ દર્દીઓ અને સેવા કરનાર દરેક સ્વયંસેવકોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલની ઈજનેરી ક્ષેત્રે રી-સ્ટ્રકચરીંગની પહેલનું ઉત્તમ પરિણામ

# વર્ષ ૨૦૨૨ની સાપેક્ષે વર્ષ ૨૦૨૪માં સરકારી ઈજનેરી કોલેજ પ્રવેશમાં ૫૭ ટકા : ઈમર્જીંગ ઈજનેરીમાં ૬૪ ટકાનો વધારો

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨

કોઈપણ રાષ્ટ્રના, દેશના કે પછી રાજયના વિકાસમાં, શિક્ષણની અહમ ભૂમિકા હોય છે. શિક્ષણ દેશના વિકાસની કરોડરજ્જુ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની આગેવાનીમાં અને ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલના સમર્થ નેતૃત્વમાં રાજયના તમામ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવાનો રાજ્ય સરકારનો ધ્યેય છે. જે અંતર્ગત ગુજરાતે સમયસર ઈજનેરી ક્ષેત્રે વિદ્યાશાખાઓનો રી-સ્ટ્રકચરીંગ કરી પરિણામલક્ષી કામગીરી કરી છે. જેના પરિણામે વર્ષ ૨૦૨૨ની સાપેક્ષે સરકારી ઈજનેરી કોલેજ પ્રવેશમાં ૫૭ % જેટલો વધારો નોંધાયો છે. રાજયમાં સરકારી ઈજનેરી કોલેજોમાં કોર બ્રાંચ જેવી કે સિવિલ, ઈલેકટ્રીકલ, મિકેનિકલમાં ૮૦ ટકા બેઠકો ભરાયેલી છે. જ્યારે ઈમર્જીંગ ઈજનેરીની વિદ્યાશાખામાં ૧૦૦ ટકા બેઠકો ભરાયેલ છે. વર્ષ ૨૦૨૪માં સરકારી અને અનુદાનિત ઈજનેરી સંસ્થાઓની ૮૪.૩ ટકા તેમજ સ્વનિર્ભર સંસ્થાઓની ૪૮ ટકા એમ કુલ મળી ઈજનેરીની ૫૪ ટકા બેઠકો ઉપર વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે.

**ડિપ્લોમાં ઈજનેરી**

પ્રવર્તમાન સમયમાં ઘણા વિદ્યાર્થીઓ ડિપ્લોમાં ડિગ્રી પણ કરતા હોય છે. જેમાં પ્રવેશ વર્ષ ૨૦૨૨ની સાપેક્ષે સરકારી પોલીટેકનીક કોલેજના પ્રવેશમાં ૨૨ ટકા જેટલો વધારો જોવા મળ્યો છે. જે અંતર્ગત સરકારી પોલીટેકનીક કોલેજોમાં આઈ.ટી., સિવિલ, ઈલેકટ્રીકલ, મિકેનિકલ વિગેરે વિદ્યાશાખામાં ૮૦ ટકા અને ઈમર્જીંગ ઈજનેરીની વિદ્યાશાખામાં વર્ષ ૨૦૨૨ની સાપેક્ષે પ્રવેશમાં ૬૪ ટકાનો વધારો થયો છે, જે રાજ્ય માટે યશકલગી સમાન છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આગામી વર્ષોની જરૂરીયાત ધ્યાને લઈ સરકારી ઈજનેરી કોલેજો અને ડિપ્લોમાં ડિગ્રીમાં વર્ષ ૨૦૨૨થી વિવિધ નવા ઈમર્જીંગ ટેકનોલોજીનાં અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યા છે. સાથોસાથ રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ ક્ષેત્રે જરૂરીયાત મુજબ રી-સ્ટ્રકચરીંગ કરી વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય કરવામાં આવે છે.

# ખંભાળિયાની સગર્ભાની ખાનગી હોસ્પિટલમાં પ્રસુતિ બાદ સારવાર દરમ્યાન મૃત્યું

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨

ખંભાળિયામાં આવેલી તાલુકા પંચાયત કચેરીની પાછળના ભાગે રહેતા કાજલબેન કાનજીભાઈ રાઠોડ નામના ૩૦ વર્ષના સગર્ભા મહિલાને પ્રસુતિની પીડા ઉપાડતા તેણીને ગત તા. ૭ ડિસેમ્બરના રોજ અત્રે જોધપુર ગેઈટ વિસ્તારમાં આવેલી હિત હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં તેણીની સિઝેરિયન મારફતે ડિલિવરી કરાઈ હતી. પ્રસુતિ બાદ તેણીને લેવામાં આવેલા ટાંકામાં રસી થઈ જતા પુનઃ હિત ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. અહીં પણ પુનઃ તેણીની સાત દિવસ સારવાર કરવામાં આવી હતી. આ પછી ઉપરોક્ત મહિલાની હાલત બગડતા વધુ સારવાર અર્થે ખંભાળિયાની સરકારી હોસ્પિટલમાં અને ત્યાંથી જામનગર ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેણીની ચાલી રહેલી સારવાર વચ્ચે ગઈકાલે મંગળવારે તેમનું મૃત્યું નીપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ મૃતકના પતિ કાનજીભાઈ બટુકભાઈ રાઠોડએ અહીંની પોલીસને કરી છે. જે સંદર્ભે આગળની તપાસ પી.એસ.આઈ. એમ.એચ. ચૌહાણ દ્વારા હાથ ધરવામાં આવી છે.

### JEE-MAINની પરીક્ષાને કારણે કરાયો ફેરફાર

# ધો. ૧૨ સાયન્સની પ્રિલીમ પરીક્ષાની તારીખો બદલાઈ

## ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રિલીમ પરીક્ષા ૧૬થી ૨૧ જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન લેવાશે

ગાંધીનગર,તા.૨

ગુજરાત બોર્ડ દ્વારા ધોરણ ૧૨ સાયન્સની પ્રીલિમ પરીક્ષામાં ફેરફાર કરવામાં આવ્યો છે. આ પહેલાં ૨૦થી ૨૮ જાન્યુઆરી દરમિયાન પ્રિલીમ પરીક્ષા યોજાવાની હતી. પરંતુ હવે આ તારીખમાં ફેરફાર કરી ૧૬ થી ૨૧ જાન્યુઆરી કરવામાં આવ્યો છે. કારણકે ૨૨ થી ૨૩ જાન્યુઆરી દરમિયાન JEE-MAINની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પ્રિલીમ/ દ્વિતીય પરીક્ષા અને JEE-MAIN ની પ્રથમ તબક્કાની પરીક્ષાઓની પરસ્પર તારીખ એકસરખી હોવાથી સંદર્ભ દર્શિત કારોબારી સમિતિના ઠરાવ મુજબ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રિલીમ પરીક્ષા ૧૬ થી ૨૧ જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન લેવાશે. આ સિવાય, અન્ય ધોરણની પ્રિલીમ / દ્વિતીય પરીક્ષા બોર્ડના શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડરમાં જણાવ્યા મુજબ ૨૦ થી ૨૮ જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન યથાવત રહેશે. મળતી માહિતી મુજબ, ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ અને અમદાવાદ શહેર આચાર્ય સંઘ દ્વારા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની કચેરીને આ વિશે રજૂઆત કરવામાં આવી હતી. જેમાં માંગ કરવામાં આવી હતી કે, NTA ની જાહેરાતમાં જણાવ્યા મુજબ, JEE-MAINની પરીક્ષાનું ૨૨ થી ૩૧ જાન્યુઆરીમાં આયોજન કરવામાં આવી હોવાથી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રિલીમ પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવાની વિનંતી કરવામાં આવી હતી.

### ખેડૂતોને નવા વર્ષની ભેટ

# ખાતર પર સબસિડીની જાહેરાત, DAP બેગના દરમાં નહીં થાય વધારો

## આ નિર્ણય આંતરરાષ્ટ્રીય બજારમાં વધતા જતા ભાવને કારણે લેવામાં આવ્યો છે, જેથી વધતા ભાવની ખેડૂતો પર અસર ન થાય

નવી દિલ્હી,તા.૨

વર્ષના પહેલા દિવસે કેન્દ્ર સરકારે કેબિનેટની બેઠકમાં ઘણા મહત્ત્વના નિર્ણયો લીધા છે. PM નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં પ્રધાનમંત્રી પાક વીમા યોજના અને પુનઃરચિત હવામાન આધારિત પાક વીમા યોજનાને ૨૦૨૫-૨૬ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવી હતી, જેના માટે કુલ ૬૯૫૧૫.૭૧ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી હતી.

કેબિનેટની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે ખેડૂતોને ૫૦ કિલો DAPની થેલી ૧૩૫૦ રૂપિયામાં મળતી રહેશે. સરકારે DAP પર ૩૮૫૦ કરોડ રૂપિયાની વધારાની સબસિડી આપવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય આંતરરાષ્ટ્રીય બજારમાં વધતા જતા ભાવને કારણે લેવામાં આવ્યો છે, જેથી વધતા ભાવની ખેડૂતો પર અસર ન થાય.

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે એક બ્રીફિંગમાં જણાવ્યું હતું કે કેબિનેટે ૦૧ જાન્યુઆરી ૨૦૨૫ થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધીના સમયગાળા માટે DAP પરના એક વખતના વિશેષ પેકેજને ખેડૂતોને પોષણક્ષમ ભાવે ઉપલબ્ધ કરાવવાની ખાતરી આપી છે , કેબિનેટના નિર્ણયથી એ સુનિશ્ચિત થશે કે ખેડૂતોને ૫૦ કિલોની થેલી દીઠ રૂ. ૧,૩૫૦ના દરે DAP ખાતર મળતું રહેશે.

વૈષ્ણવે કહ્યું કે ૨૦૨૫ ની પ્રથમ કેબિનેટ બેઠક પ્રધાનમંત્રી દ્વારા ખેડૂતોને સમર્પિત કરવામાં આવી છે, આ પ્રથમ બેઠકમાં ખેડૂતો સાથે સંબંધિત વ્યાપક ચર્ચા કરવામાં આવી હતી,

જેમાં વિવિધ પાસાઓને આવરી લેવામાં આવ્યા હતા અને આજે લેવાયેલા નિર્ણયો સંપૂર્ણપણે ખેડૂતોના કલ્યાણ પર કેન્દ્રિત છે. ખેડૂતો.

પીએમ પાક વીમા યોજના અંગે કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે ઝડપી આકારણી, ઝડપી દાવાની પતાવટ, ઈનોવેશન અને ટેકનોલોજી માટે ૮૦૦ કરોડ રૂપિયાનું ફંડ બનાવવામાં આવ્યું છે.

કવરેજ વધારવા અને નોંધણીને સરળ બનાવવા માટે, પીએમ નરેન્દ્ર મોદીએ પ્રક્રિયાને સંપૂર્ણપણે ડિજિટલ બનાવવાનો નિર્ણય કર્યો છે.

### મોડી રાતથી જ લોકોએ એકબીજાને શુભેચ્છાઓ આપવાનું શરૂ કરી દીધું

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મૂ અને PM મોદીએ નવા વર્ષની શુભેચ્છા પાઠવી





નવી દિલ્હી,તા.૨

નવું વર્ષ ૨૦૨૫ શરૂ થતાં જ આખો દેશ ઉજવણીમાં ડૂબી ગયો છે. દેશના ખૂણે ખૂણે નવા વર્ષની ઉજવણી કરવામાં આવી રહી છે. મોડી રાતથી જ લોકોએ એકબીજાને શુભકામનાઓ આપવાનું શરૂ કરી દીધું છે. આ સાથે જ દેશના રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મૂ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ દેશવાસીઓને નવા વર્ષની શુભેચ્છા પાઠવી છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મૂએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી છે. તેમણે લખ્યું છે કે, 'દરેકને નવા વર્ષની શુભકામનાઓ! વર્ષ ૨૦૨૫ બધા માટે સુખ, સંવાદિતા અને સમૃદ્ધિ લઈને આવે! આ અવસર પર, ચાલો આપણે ભારત અને વિશ્વ માટે ઉજ્જવળ, વધુ સમાવેશી અને ટકાઉ ભવિષ્યના નિર્માણ માટે સાથે મળીને કામ કરવાની આપણી પ્રતિબદ્ધતાનો એક નવો સંકલ્પ લઈએ.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ દેશવાસીઓને નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી અને નવું વર્ષ દરેકના જીવનમાં સુખ-સમૃદ્ધિ લઈને આવે તેવી શુભકામના આપી હતી. વડાપ્રધાને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટમાં કહ્યું કે, "૨૦૨૫ માટે ઘણી શુભેચ્છાઓ. આ વર્ષ દરેક માટે નવી તકો, સફળતા અને અનંત ખુશીઓ લઈને આવે. બધાને સારા સ્વાસ્થ્ય અને સમૃદ્ધિના આશીર્વાદ મળે."

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરે પણ દેશવાસીઓને નવા વર્ષની શુભેચ્છા પાઠવી છે. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું કે, તમામ નાગરિકોને હાર્દિક શુભેચ્છા – આપણા ગણતંત્રની યાત્રામાં આ એક મહત્ત્વપૂર્ણ વળાંક છે. નવું વર્ષ આપણા બંધારણની સદીના છેલ્લા ક્વાર્ટરમાં પ્રવેશનું પ્રતીક છે. ૨૦૪૭માં વિકસિત ભારત તરફ આગળ વધવું, આપણા બંધારણ નિર્માતાઓના સ્વપ્નને સાકાર કરવા માટે પોતાને ફરીથી સમર્પિત કરવાનો સમય છે.

ચાલો આપણે રાષ્ટ્રને સર્વોપરી રાખવાના સંકલ્પ સાથે લોકતાંત્રિક મૂલ્યોનું સંવર્ધન કરીને સંકલ્પ સાથે આગળ વધીએ. આપ સૌને નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ, હું આશા રાખું છું કે આ વર્ષ આપના જીવનમાં નવો ઉત્સાહ, નવો ઉમંગ અને ખુશીઓ લઈને આવે.

રાહુલ ગાંધીએ પણ દેશવાસીઓને નવા વર્ષની શુભેચ્છા પાઠવી છે. તેમણે ઠ પર લખ્યું કે, "તમને બધાને નવા વર્ષની શુભકામનાઓ, હું આશા રાખું છું કે આ વર્ષ તમારા જીવનમાં નવો ઉત્સાહ, નવો આનંદ અને ખુશીઓ લઈને આવે."

### જમીનની ફાળવણી બાદ CPWD સાથે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવશે

# પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના સ્મારક બનાવવા માટે પરિવારને કેટલાક વિકલ્પો આપ્યા

નવીદિલ્હી,તા.૨

ભારત સરકારે પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના સ્મારક બનાવવા માટે પરિવારને કેટલાક વિકલ્પો આપ્યા છે. આ વિકલ્પોમાં નેશનલ મેમોરિયલ સાઈટ સહિત અન્ય કેટલાક સ્થળોના નામનો સામેલ છે, જ્યાં તેમનું સ્મારક બનાવવામાં આવે તેવી શક્યતા છે. સરકારી સૂત્રોના જણાવ્યા પ્રમાણે પરિવાર દ્વારા સ્મારકની જગ્યા પસંદ કર્યા બાદ ટ્રસ્ટની રચનાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે. આ ટ્રસ્ટ સ્મારક નિર્માણનું આયોજન અને ત્યારપછીની તમામ પ્રવૃત્તિઓની દેખરેખ કરશે. પરિવારે હજુ સુધી કોઈ ચોક્કસ સ્થળ અંગે કોઈ નિર્ણય નથી લીધો. સ્મારકની જમીન માટે ટ્રસ્ટ અરજી કરશે.

જમીનની ફાળવણી બાદ CPWD સાથે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવશે. ત્યારબાદ જ સ્મારક બનાવવાનું કામ શરૂ થઈ શકશે. પૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહે ૨૬ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ દુનિયાને અલવિદા કહી દીધું હતું. તેમણે દિલ્હીની AIIMS હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. ત્યારબાદ કોંગ્રેસે તેમના સ્મારકને લઈને કેન્દ્ર સરકાર પાસે માગણી કરી હતી. સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે મનમોહન સિંહના સ્મારક માટે રાજઘાટ, રાષ્ટ્રીય સ્મૃતિ સ્થળ અથવા કિસાન ઘાટ પાસે એકથી દોઢ એકર જમીન આપવામાં આવી શકે છે.

### ૨૩૨ કિલોગ્રામ હેરોઈન પકડવાનો કેસ

# મુંબઈની વિશેષ અદાલતે આઠ પાકિસ્તાની નાગરિકોને ૨૦ વર્ષની સજા ફટકારી

**વર્ષ ૨૦૧૫માં ભારતીય કોસ્ટ ગાર્ડ ટીમે ગુજરાતના દરિયા કાંઠેથી ૨૩૨ કિલોગ્રામ હેરોઈન જપ્ત કર્યું હતું, જેની કિંમત આશરે ૬.૯૬ કરોડ રૂપિયા હતી**

મુંબઈ,તા.૨

વર્ષ ૨૦૧૫માં ગુજરાતના દરિયાકાંઠેથી લગભગ સાત કરોડ રૂપિયાનું ૨૩૨ કિલોગ્રામ હેરોઈ જપ્ત કરવામાં આવ્યું હતું, હવે આ કેસમાં મુંબઈની વિશેષ અદાલતે ઝડપાયેલા આઠ પાકિસ્તાની નાગરિકોને ૨૦ વર્ષની સજા ફટકારી છે. આ ઉપરાંત કોર્ટે તમામ દોષિતોને ૨-૨ લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે.

કેસની સુનાવણી દરમિયાન NDPS એક્ટ કેસના વિશેષ ન્યાયાધીશ શશિકાંત બાંગરે માદક પદાર્થો મામલે આ આઠેય પાકિસ્તાનીઓને દોષિત જાહેર કર્યા છે અને તેઓને વધુમાં વધુ ૨૦ વર્ષની સજા સંભળાવી છે. આ સાથે કોર્ટે પ્રત્યેક દોષિતને બે લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે.

ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૫માં ભારતીય કોસ્ટ ગાર્ડ ટીમે ગુજરાતના દરિયા કાંઠેથી ૨૩૨ કિલોગ્રામ હેરોઈન જપ્ત કર્યું હતું, જેની કિંમત આશરે ૬.૯૬ કરોડ રૂપિયા હતી. આઠેય પાકિસ્તાની નાગરિકો આ હેરોઈનનો જથ્થો એક બોટમાં લાવી રહ્યા હતા. બોટમાં ૧૧ ડ્રમ હતા, જેમાં ઘઉંના રંગના પાવડરવાળા ૨૦ પ્લાસ્ટિકના પાઉચમાં હતા, જેની તપાસ કરવામાં આવતા તે હેરોઈન હોવાનો ખુલાસો થયો હતો.

મળતી માહિતી મુજબ, આઠેય આરોપીઓ પાસે ત્રણ સેટેલાઈટ ફોન, જીપીએસ નેવિગેશન ચાર્ટ અને અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણો જપ્ત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમને દક્ષિણ મુંબઈના યેલો ગેટ પોલીસને સોંપી દેવાયા હતા. વિશેષ સરકારી વકીલ સુમેશ પુંજવાનીએ માદક પદાર્થોની તસ્કરી કરનારાઓને કડક સંદેશ મળે તે હેતુથી, આરોપીઓને વધુમાં વધુ સજા ફટકારવાની માંગ કરી હતી. બીજીતરફ બચાવ પક્ષના વકીલ નરમ સજાએ નરમ વલણ અપનાવ્યું હતું. કોર્ટે બંને પક્ષોની દલીલ સાંભળ્યા બાદ કડક કાર્યવાહી કરી આઠેય આરોપીને વધુમાં વધુ સજા સંભળાવી છે.

### US કોર્ટમાં મોટી જીત

# ૨૬/૧૧ મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ તહવ્વુર રાણાને ભારત લાવવામાં આવશે

## તહવ્વુર રાણાને રાજદ્વારી પ્રક્રિયા દ્વારા ભારતને સોંપવાની તૈયારી ચાલી રહી છે

નવી દિલ્હી,તા.૨

પાકિસ્તાની મૂળના કેનેડિયન બિઝનેસમેન તહવ્વુર રાણાને ટૂંક સમયમાં ભારત લાવવામાં આવી શકે છે. તેને રાજદ્વારી પ્રક્રિયા દ્વારા ભારતને સોંપવાની તૈયારી ચાલી રહી છે. તે ૨૬/૧૧ના મુંબઈ હુમલાનો માસ્ટરમાઈન્ડ હતો. ઓગસ્ટ ૨૦૨૪માં અમેરિકન કોર્ટે આ મામલે પોતાનો ચુકાદો આપ્યો હતો. કોર્ટે તેને ભારત-અમેરિકા પ્રત્યાર્પણ સંધિ હેઠળ ભારત મોકલવાની મંજૂરી આપી હતી. હવે રાણાને ટૂંક સમયમાં ભારત લાવવાની તૈયારી તેજ થઈ ગઈ છે.

અમેરિકી કોર્ટે મુંબઈ હુમલામાં સંડોવાયેલા તહવ્વુર રાણાની ભારતને પ્રત્યાર્પણ ન કરવાની અરજી ફગાવી દીધી હતી. કોર્ટે કહ્યું કે, ભારતે રાણા વિરુદ્ધ પૂરતા પુરાવા રજૂ કર્યા છે. મુંબઈ પોલીસે ૨૬/૧૧ હુમલાના કેસમાં ચાર્જશીટમાં રાણાનંધ નામ સામેલ કર્યું હતું. તેના પર પાકિસ્તાનની ઈન્ટર-સર્વિસ ઈન્ટેલિજન્સ અને આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાના સક્રિય સભ્ય હોવાનો આરોપ છે.ચાર્જશીટ મુજબ, તહવ્વુર રાણાએ મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ ડેવિડ કોલમેન હેડલીને મદદ કરી હતી, જેણે હુમલા માટે મુંબઈમાં ઠેકાણાઓની શોધખોળ હાથ ધરી હતી. કોર્ટે કહ્યું કે, ભારત અને અમેરિકા વચ્ચે પ્રત્યાર્પણ સંધિમાં નોન બિસ આઈડમ છે. આ ત્યારે લાગુ કરવામાં આવે છે જ્યારે આરોપીને પહેલેથી જ તે ગુના માટે દોષી ઠેરવવામાં આવ્યો હોય અથવા નિર્દોષ છોડવામાં આવ્યો હોય. ભારતમાં રાણા વિરુદ્ધના આરોપો US કોર્ટમાં ચાર્જ કરાયેલા આરોપો કરતા અલગ છે, તેથી idem અપવાદમાં ગેર-BIS લાગુ પડતું નથી. ૨૬/૧૧ના મુંબઈ આતંકી હુમલાના લગભગ એક વર્ષ બાદ રાણાની શિકાગોમાં FBI દ્વારા ધરપકડ કરવામાં આવી હતી.

તહવ્વુર રાણા અને તેના સહયોગી ડેવિડ કોલમેન હેડલીએ મળીને પાકિસ્તાની આતંકવાદીઓ માટે મુંબઈ હુમલાના ઠેકાણાઓને શોધી કાઢવા અને હુમલાને અંજામ આપવા માટે બ્લુ પ્રિન્ટ તૈયાર કરી હતી. રાણા હાલ લોસ એન્જલસ જેલમાં છે. અમેરિકામાં રાણાને તેની સામેના આરોપોમાંથી મુક્ત કરવામાં આવ્યો છે, પરંતુ ભારતની પ્રત્યાર્પણ અરજીને કારણે તેને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો નથી.

જનસુવિધાઓને વધુ સુદ્રઢ બનાવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારનું વધુ એક ઐતિહાસિક પગલું

# શહેરી જનસુખાકારી-સેવાઓ સાથે રાજ્યમાં એકસાથે ૯ નગરપાલિકાઓને મહાનગરપાલિકાનો દરજ્જો મળતાં હવે રાજ્યમાં ૧૭ મહાનગરપાલિકાઓ અને ૧૪૯ નગરપાલિકાઓ

**હવે હાલની મહાનગરપાલિકાઓની સંખ્યા કરતાં બમણી મહાનગરપાલિકાઓ અસ્તિત્વમાં આવશે : નવસારી, વાપી, આણંદ, નડિયાદ, મહેસાણા, સુરેન્દ્રનગર, મોરબી, પોરબંદર અને ગાંધીધામ એમ કુલ ૯ નગરપાલિકાઓ મહાનગરપાલિકા તરીકે કાર્યરત કરાશે**

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨

રાજ્યમાં જનસુવિધાને વધુ સુદ્રઢ બનાવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારનું વધુ એક ઐતિહાસિક પગલું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી મંત્રીમંડળની બેઠકે રાજ્યમાં એક સાથે નવી ૯ મહાનગરપાલિકાની રચનાના નિર્ણયને મંજૂરી આપતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકસિત ભારત @૨૦૪૭ના દૂરંદેશી સ્વપ્નને સાકાર કરવા ‘અર્નિંગ વેલ’ અને ‘લિવિંગ વેલ’ના ધ્યેય પાર પાડીને વિકસિત ગુજરાત જ ૨૦૪૭ના વિઝનને સાર્થક કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પ્રતિબદ્ધ છે. સમયાંતરે નવી મહાનગરપાલિકાઓમાં બી.આર.ટી.એસ., મેટ્રો રેલ, રિવરફ્રન્ટ જેવા વિશેષ પ્રોજેક્ટ્સ અમલમાં આવશે, તેથી નાગરિકોની સુખાકારીમાં વધારો થશે અને રાજ્ય સરકારની ‘‘સૌનો સાથ, સૌનો વિકાસ’’ની નેમ સાથે ઈઝ ઓફ લિવિંગ મળશે. મુખ્યમંત્રીના નેતૃત્વની વર્તમાન સરકારે વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં નવસારી, વાપી, આણંદ, નડિયાદ, મહેસાણા, સુરેન્દ્રનગર/ વઢવાણ, મોરબી, પોરબંદર/ છાયા અને ગાંધીધામ એમ કુલ ૦૯ નગરપાલિકાઓને મહાનગરપાલિકામાં રૂપાંતરિત કરવાની મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ‘જે કહેવું તે કરવું’ના અપનાવેલા કાર્યમંત્રને અનુસરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના વડપણની સરકારે આ ૯ મહાનગરપાલિકાની રચનાને મંજૂરી આપીને મહાનગરપાલિકાઓ તાત્કાલિક અસરથી કાર્યરત કરી છે. રાજ્ય મંત્રીમંડળની બેઠકના આ નિર્ણયની ભૂમિકા આપતાં પ્રવક્તા મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકસિત ભારત @૨૦૪૭ના દૂરંદેશી સ્વપ્નને સાકાર કરવા ‘અર્નિંગ વેલ’ અને ‘લિવિંગ વેલ’ના ધ્યેય પાર પાડીને વિકસિત ગુજરાત @૨૦૪૭ના વિઝનને સાર્થક કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પ્રતિબદ્ધ છે. ‘વિકાસના એન્જીન’ ગુજરાતમાં હાલ અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જૂનાગઢ, જામનગર અને ગાંધીનગર મળી કુલ-૮ મહાનગરપાલિકાઓ કાર્યરત છે. આ પૈકી જૂનાગઢ મહાનગરપાલિકાની વર્ષ ૨૦૦૨માં અને ગાંધીનગર મહાનગરપાલિકાની વર્ષ ૨૦૧૦માં રચના કરવામાં આવેલી છે. ત્યારબાદ લગભગ ૧૪ વર્ષ બાદ આ નવી ૯ મહાનગરપાલિકાઓની રચના થઈ રહી છે. આના પરિણામે રાજ્યમાં હાલની મહાનગરપાલિકાઓની સંખ્યા કરતા બે ગણી એટલે કે ૧૭ મહાનગરપાલિકાઓ અસ્તિત્વમાં આવી છે. ગુજરાતના શહેરી વિકાસમાં આ એક ઐતિહાસિક ઘટના છે તેનો વિશેષ ઉલ્લેખ પ્રવક્તા મંત્રીએ કર્યો હતો. નીતિ આયોગની ‘સિટીઝ એઝ એન્જિન્સ ઓફ ગ્રોથ’ સંકલ્પના સાર્થક કરવા પ્રમાણમાં મોટા શહેરી વિસ્તારોનું ભવિષ્યલક્ષી આયોજન અને સુચારૂ વહીવટતંત્ર સ્થાપી શકાય તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા મહાનગરપાલિકાઓની રચના કરીને તેમાં વિકાસલક્ષી કામો અને વહીવટીતંત્રમાં અસરકારકતા તેમજ પારદર્શિતા સુનિશ્ચિત કરવામાં આવી છે. આ સંદર્ભમાં આ ૯ નગર પાલિકાઓને મહાનગર પાલિકાનો દરજ્જો મળતાં હવે રાજ્યમાં મહાનગરપાલિકાઓની સંખ્યા ૧૭ અને નગરપાલિકાઓની સંખ્યા ૧૪૯ થશે. રાજ્યમંત્રી મંડળના નિર્ણય અનુસાર નવસારી નગરપાલિકા તેમજ દાંતેજ, ધારાગીરી, એરૂ અને હાંસાપોર ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને નવસારી મહાનગરપાલિકા બનશે. ગાંધીધામ નગરપાલિકા તેમજ કિડાણા, ગળપાદર, અંતરજાળ, શિણાય, મેઘપર-બોરીચી અને મેઘપર-કુંભારડી ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને ગાંધીધામ મહાનગરપાલિકા બનશે. મોરબી નગરપાલિકા તેમજ શકતસનાળા, રવાપરા, લીલાપર, અમરેલી, નાની વાવડી, ભડીયાદ (જવાહર), ત્રાજપર (માળીયા વનાળીયા), મહેન્દ્રનગર (ઈન્દિરાનગર) અને માધાપર/વજેપર ઓજી ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને મોરબી મહાનગરપાલિકા બનશે. વાપી નગરપાલિકા તેમજ બલિઠા, સલવાવ, છીરી, છરવાડા, ચણોદ, કરવડ, નામધા, ચંડોર, મોરાઈ, વટાર, કુંતા ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને વાપી મહાનગરપાલિકા બનશે. આણંદ, વલ્લભવિદ્યાનગર અને કરમસદ નગરપાલિકા તેમજ મોગરી, જીટોડીયા, ગામડી અને લાંભવેલ ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને આણંદ મહાનગરપાલિકા બનશે. મહેસાણા નગરપાલિકા તેમજ ફતેપુરા, રામોસણા, રામોસણા N.A. વિસ્તાર, દેદીયાસણ, પાલાવાસણા, હેડુવા રાજગર, હેડુવા હનુમંત, તળેટી અને લાખવડ ગ્રામ પંચાયતો ઉપરાંત પાલોદર, પાંચોટ, ગિલોસણ, નુગર, સખપુરડા અને લાખવડ ગ્રામ પંચાયતોના કેટલાક સર્વે નંબરવાળા વિસ્તારો સમાવિષ્ટ થઈને મહેસાણા મહાનગરપાલિકા બનશે. સુરેન્દ્રનગર/ દૂધરેજ/ વઢવાણ નગરપાલિકા તેમજ ખમીસણા, ખેરાળી, માળોદ, મુળચંદ અને ચમારજ ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને સુરેન્દ્રનગર મહાનગરપાલિકા બનશે. પોરબંદર/ છાયા નગરપાલિકા તેમજ વનાણા (વિરપુર), દિગ્વીજયગઢ, રતનપર અને ઝાવર ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને પોરબંદર મહાનગરપાલિકા બનશે. નડિયાદ નગરપાલિકા તેમજ યોગીનગર, પીપલગ, ડુમરાલ, ફતેપુરા, કમલા, માંજીપુરા, ડભાણ, બીલોદરા, ઉત્તરસંડા અને ટુંડેલ ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને નડિયાદ મહાનગરપાલિકા બનશે. પ્રવક્તા મંત્રીએ નગર પાલિકાઓને મહાનગર પાલિકાઓનો દરજ્જો મળતા જે ફાયદાઓ લોકોને મળશે તેની વિગતો આપતાં ઉમેર્યું કે, નગરપાલિકા/ગ્રામપંચાયતો મહાનગર પાલિકામાં રૂપાંતરિત થવાથી ત્વરિત, કાર્યક્ષમ અને પારદર્શી પ્રક્રિયા સાથે વહીવટ વધુ સુદ્રઢ થશે. આ ઉપરાંત રોડ-રસ્તા, ગટર વ્યવસ્થા, સ્વચ્છતા, પીવાનું શુદ્ધ પાણી, સિવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, આરોગ્યલક્ષી સેવાઓ, શિક્ષણ, સ્ટ્રીટલાઈટ, બાગ બગીચા, કોમ્યુનીટી હોલ તથા ટ્રાન્સપોર્ટેશન વગેરે જેવી પાયાની સુવિધાઓ સુનિયોજિત રીતે મળતી થશે. મહાનગરપાલિકામાં જે ગ્રામ્ય વિસ્તારો ભેળવવામાં આવે છે તેના નાગરિકોને તમામ નાગરિક સુવિધાઓ સમયસર અને સુઆયોજિત મળી રહે તે માટે રાજ્ય સરકાર જરૂરી તમામ નાણાંકીય તેમજ વહીવટી સપોર્ટ પૂરો પાડશે અને આ વિસ્તારના લોકોની સુવિધાઓમાં અનેકગણો વધારો થાય તે સુનિશ્ચિત કરવાની રાજ્ય સરકારની નેમ છે. પ્રવક્તા મંત્રીએ વધુમાં જણાવ્યું કે, મહાનગરપાલિકાઓમાં શહેરી આયોજન (અર્બન પ્લાનિંગ) ટી.પી. સ્કીમ આધારિત અને ઓર્ગેનાઈઝ્ડ રીતે થતું હોવાથી ઉપલબ્ધ જમીનનો મહત્તમ ઉપયોગ થાય છે. મહાનગર પાલિકાઓમાં સુનિયોજિત રોડ રસ્તા, કોમર્શીયલ, શૈક્ષણિક, કોમ્યુનિટી, રમતગમતનાં મેદાન જેવા હેતુ માટે જમીન ફાળવવામા આવશે. મહાનગરપાલિકા બનવાથી તેમાં વસતા લોકો ઉપરાંત નજીકના વિસ્તારોમાં વસતા લોકો માટે રોજગારીની વિપુલ તકો ઉપલબ્ધ થશે. આ વિસ્તારોમાં એક જ કેન્દ્ર ઉપરથી વધુ વ્યાપક પ્રમાણમાં સેવાઓ પૂરી પાડી શકાશે એટલું જ નહિ, સમયાંતરે નાગરિકોનું જીવનધોરણ પણ ઊંચું આવશે.


## રાજકોટ એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટે ડિસેમ્બરમાં લાપતા-અપહૃત તરૂણી સહિત ૨૨ વ્યક્તિને શોધી કાઢતા ઘરના સભ્યોની આંખો ખુશીના આંસુથી છલકાઈ

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨

રાજકોટ શહેરમાં પોલીસના એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટે ડિસેમ્બર માસમાં ૧૪ વર્ષની અપહરણ થયેલી તરૂણી સહિત લાપતા થયેલી ૨૨ વ્યક્તિને શોધી કાઢવામાં સફળતા મેળવી છે. આ તમામ વ્યક્તિઓનું તેમના પરિવાર સાથે મિલન કરવામાં આવતા, પરિવારમાં આનંદ છવાયો હતો. રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા તથા અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડિયા, નાયબ પોલીસ કમિશનર ડો. પાર્થરાજસિંહ ગોહિલ તથા મદદનીશ પોલીસ કમિશનર ભરત બસીયાની સુચના અને માર્ગદર્શન મુજબ, એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ (એ.એચ.ટી.યુ.)ની ટીમે રાજકોટ શહેરના અલગ-અલગ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી અપહરણ થયેલા બાળકો તથા ગુમ થનાર વ્યક્તિઓને શોધી કાઢવા સઘન કવાયત શરૂ કરી હતી. જેમાં એ.એચ.ટી.યુ.ની ટીમે ટેકનિકલ ઈન્ટેલિજન્સ તથા હ્યુમન રીસોર્સીસના આધારે તપાસ કરીને, અપહરણ થનાર ૧૪ વર્ષની એક બાળકી તથા ગુમ થનારી કુલ ૨૨ વ્યક્તિઓને ડિસેમ્બર મહિના દરમિયાન શોધી કાઢવામાં સફળતા મેળવી છે. દરમ્યાન એ.એચ.ટી.યુ.ની ટીમ દ્વારા રાજકોટ શહેરના વિસ્તારમાં સતત વોચ રાખવામાં આવી હતી તથા શંકાસ્પદ સ્થળોની વારંવાર મુલાકાત લઈને ગુમ થનાર વ્યક્તિઓને શોધી કાઢી પોતાના પરીવાર સાથે મિલન કરાવવામાં આવ્યું છે. લાપતા વ્યક્તિનું પરિવાર સાથે પુનઃમિલન થતાં, પરિવારના સભ્યોની આંખો ખુશીના આંસુથી છલકાઈ ઊઠી હતી. આ સમગ્ર કામગીરી પોલીસ ઈન્સ્પેકટર ભાર્ગવસિંહ ઝણકાટ, તથા પો.ઈન્સ. સી.એચ.જાદવની રાહબરીમાં પી.એસ.આઈ. એચ.એન.ગઢવી તથા એ.એસ.આઈ. હરપાલસિંહ ઝાલા તથા એ.એસ.આઈ. બાદલભાઈ દવે તથા એ.એસ.આઈ. પુષ્પરાજસિંહ પરમાર તથા પો.હેડ.કોન્સ. ધીરેનભાઈ ગઢવી તથા પો.હેડ.કોન્સ. હરસુખભાઈ ડી. વાછાણી તથા પો.હેડ.કોન્સ મહમદઆરીફ અંશારી તથા મહિલા પો.કોન્સ. ભુમીકાબેન ઠાકર તથા કુલદિપસિંહ ઝાલા દ્વારા કરવામાં આવી હતી.

## પ્રથમ જ્યોતિર્લિંગ દેવાધીદેવ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં ૨૦૨૫ના પ્રથમ દિવસે પ્રાતઃ આરતીના દર્શનાર્થે ભક્તોનો માનવ મહેરામણ



**નાતાલ-થર્ટી ફસ્ટના મીની વેકેશનના અઠવાડિયામાં ૩ લાખથી વધુ ભાવિકો સોમનાથમાં ઉમટી પડ્યા**

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં વર્ષ ૨૦૨૫ના પ્રથમ દિવસે સોમનાથ મહાદેવના દર્શને ભક્તોનો માનવ મહેરામણ ઉમટ્યો છે. દેશ વિદેશમાંથી આવનાર શ્રદ્ધાળુ સોમનાથ મહાદેવને શીશ નમાવી પ્રાતઃ આરતીના શણગારના દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા છે. સોમનાથ મહાદેવ એટલે શાંતિના પ્રદાતા શિવજી કે જેમનો અર્થ જ કલ્યાણ થાય છે તેમની પાસે સમગ્ર વિશ્વના કલ્યાણ અને સુખ સમૃદ્ધિની ભક્તો પ્રાર્થના કરી રહ્યા છે. નાતાલ અને થર્ટી ફસ્ટના મીની વેકેશનના અઠવાડિયા દરમ્યાન દેશના પ્રથમ જ્યોર્તીલીંગ સોમનાથ મહાદેવના દર્શનાર્થે દેશ વિદેશના ભાવીકોનો મોટો પ્રવાહ ઉમટી પડયો છે. ખાસ કરીને નવા વર્ષના પ્રારંભે ગુજરાત બહારના પરપ્રાંતિય પ્રવાસીઓએ આ મીની વેકેશન ગાળવા સૌરાષ્ટ્રભણી પ્રયાણ કર્યું હોય તેમ દ્વારકા, સોમનાથ અને સાસણગીર સાથે સંઘ પ્રદેશ દીવમાં પ્રવાસીઓનો મોટો પ્રવાહ જોવા મળી રહ્યો છે. જેમાં ખાસ કરીને ભગવાન સોમનાથના અલોકીક દર્શન અને આરતીનો લ્હાવો લઈ ધન્યતા અનુભવી રહ્યા છે. તા.૨૫ નાતાલથી આજે તા.૩૧ ડીસે. સુધીમાં સોમનાથમાં ત્રણ લાખથી વધુ પ્રવાસીઓ ઉમટી પડ્યા હોવાનું સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટના ઈન્ચાર્જ જનરલ મેનેજર અજય દુબેએ જણાવ્યું હતું. સોમનાથ મંદિર ખાતે ભાવિકોની ભીડને ધ્યાને લઈ દર્શનમાં કોઈ અગવડતા ના પડે તે માટે વધારાનો સિક્યુરિટી સ્ટાફ તૈનાત કરવામાં આવેલ તેમજ વધારાના પ્રસાડીના કાઉન્ટરો પણ ઉભા કરવામાં આવ્યા હતા. તો સોમનાથમાં આવેલ ૨૫૦ જેટલી હોટલો, ગેસ્ટહાઉસો હાઉસફુલ જોવા મળ્યા હતા.

## કોળી સમાજના સમસ્ત વાળા પરિવાર દ્વારા ગીર સોમનાથ જિલ્લામાં સ્નેહ મિલન યોજાયું



(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૨

ગીર સોમનાથ જીલ્લાના નાવદ્રા ગામે કોળી સમાજના સમસ્ત વાળા પરિવાર દ્વારા ગીર સોમનાથ જિલ્લામાં સ્નેહ મિલન યોજાયું હતું. જેમાં વાળા પરિવારના મોભી રામભાઈ વાળા સહિતના અગ્રણીઓની ઉપસ્થિતીમાં સમસ્ત વાળા પરિવારના સ્નેહમિલનનું સફળ આયોજન થયું હતું. કોળી સમાજના વાળા પરિવારના સ્નેહ મિલનનો ચિલો વાળા કુટુંબના વડિલ છગનભાઈ વાળાએ જસદણથી ચિતર્યો હતો ત્યારથી રાજ્યના અલગ અલગ સ્થળોએ વાળા પરિવાર દ્વારા દર વર્ષે સ્નેહમિલન યોજાય છે. આ વર્ષે નાવદ્રા ગામમાં ઉના તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ અને વાળા પરિવારના મોભી રામભાઈ વાળાની ઉપસ્થિતીમાં સ્નેહમિલનનું આયોજન કરાયું હતું. જેમાં ગીર-સોમનાથ, રાજકોટ, જૂનાગઢ, પોરબંદર, સુરેન્દ્રનગર જીલ્લાઓના વાળા કુટુંબો સહભાગી બન્યા હતા. વાળા પરિવારના યુવા અગ્રણી તેમજ વેરાવળ તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ પાંચાભાઈ વાળાના માર્ગદર્શન હેઠળ યોજાયેલ. આ સ્નેહમિલનને સફળ બનાવવા કારેજના રમેશભાઈગોવિદભાઈ વાળા, માંગરોળ, શેરિયાજના અરવિંદભાઈ કાનાભાઈ વાળા, સંજયભાઈ વાળા, વેરાવળ નગરપાલિકાના પૂર્વ સભ્ય નિલેશભાઈવાળા તેમજ સુત્રાપાડાથી શિક્ષક અરશીભાઈ વાળા વગેરે યુવાનોની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. આ સ્નેહમિલન પ્રસંગે સ્વરૂચિ ભોજનનું પણ આયોજન થયું હતું. આ પ્રસંગે ઉનાના પૂર્વ ધારાસભ્ય પુંજાભાઈ વંશ, ગીર સોમનાથના યુવા ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમા, બાબુભાઈ પરમાર ચેરમેન બાંધકામ સમિતિ જિલ્લા પંચાયત ગીર સોમનાથ, રાજવીર સિંહ ઝાલા ઉપપ્રમુખ જીલ્લા પંચાયત ગીર સોમનાથ, માનસિંગભાઈ પરમાર પૂર્વ પ્રમુખ જીલ્લા ભાજપ ગીર સોમનાથ જયંતિભાઈ સોલંકી, પ્રમુખ ગુજરાત કોળી બોટ એસોસિયેશન દિલિપભાઈ બારડ, મહામંત્રી જિલ્લા ભાજપ ગીર સોમનાથ રમેશભાઈ કેશવાલા, મંત્રી જિલ્લા ભાજપ દેવાભાઈ ધારેશા, પૂર્વ પ્રમુખ શહેર ભાજપ રાજુભાઈ ગઢીયા, નગર સેવક વેરાવળ કિશન જેઠવા, નગરપાલિકા સદસ્ય સુરેશભાઈ ગઢીયા, નગરપાલિકા સદસ્ય રાજાભાઈ ચારિયા, પૂર્વ સદસ્ય જીલ્લા પંચાયત નરેન્દ્રભાઈ ઝાલા, પ્રમુખ તાલુકા પંચાયત વેરાવળ ખીમા વાજા, પ્રમુખ તાલુકા પંચાયત સુત્રાપાડા પ્રદ્યુમ્નભાઈ ડોડીયા, પ્રમુખ તાલુકા ભાજપ વેરાવળ પ્રતાપભાઈ બામણીયા, પ્રમુખ તાલુકા ભાજપ ભરતભાઈ બાકુ, ઉપપ્રમુખ તાલુકા પંચાયત વેરાવળ રાજશી રાઠોડ, ચેરમેન તાલુકા પંચાયત વેરાવળ તેમજ જિલ્લા પંચાયતના સદસ્યોઓ, તાલુકા પંચાયતના સદસ્યોઓ, સરપંચઓ, ઉનાથી ડી.કે. વાજા, જૂનાગઢથી કે.બી. પરમાર, ભારતીબેન પરમાર સેલટેક્સ, તથા સમસ્ત નાવદ્રા ગામના આગેવાનો, વડીલો, યુવાનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને આ કાર્યક્રમની શોભા વધારે હતી. (તસ્વીર : જાદવભાઈ ચુડાસમા)

## ભાણવડ રેલ્વે ટ્રેક ઉપર ચડી આવ્યો અજગર રેસ્ક્યુ કરીને પ્રાકૃતિક આવાસમાં મુક્ત કરાયો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨

ભાણવડના રેલ્વે સ્ટેશન નજીકના રેલ્વે ટ્રેક ઉપર રાત્રીના સમયે ટ્રેન આવતા પહેલાના સમયે સાત ફૂટ લાંબો અજગર ચડી આવ્યો હતો. આથી સ્ટેશન ઉપર હાજર રહેલા મુસાફરો દ્વારા સમય સૂચકતા વાપરીને ટ્રેન આવે તે પહેલા ભાણવડમાં કાર્યરત એનિમલ લવર્સ ચેરીટેબલ ટ્રસ્ટના રેસ્ક્યુઅર અશોકભાઈ ભટ્ટને જાણ કરાઈ હતી. આ અંગેની જાણ થતાં એનિમલ લવર્સ ગ્રુપની ટીમ તુરત સ્થળ ઉપર પહોંચી ગઈ હતી અને અહીં રેલ્વે ટ્રેક પર આંટાફેરા કરતા સાત ફૂટ લાંબા ઈન્ડિયન રોક પાઈથન તરીકે ઓળખાતા આ અજગરને રેસ્ક્યુ કરાયો હતો. રેસક્યુ બાદ આ અજગરને બરડા ડુંગરના પ્રાકૃતિક આવાસમાં મુક્ત કરી પ્રકૃતિ જતનનું પ્રસંશનીય કાર્ય કરાયું હતું.

## ખંભાળિયાની શાળાના વિદ્યાર્થીઓએ કરાટે ચેમ્પિયનશિપમાં ચાર ગોલ્ડ મેડલ મેળવ્યા



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨

ચતુર્થ વર્ષ સ્ટાઈલ ઓલ ઈન્ડિયા નેશનલ કરાટે ચેમ્પિયનશિપ - ૨૦૨૪ ટુર્નામેન્ટમાં ખંભાળિયાના રામનગર વિસ્તારમાં આવેલી સેન્ટ ઝેવિયર્સ અંગ્રેજી માધ્યમ શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ મહત્વની સ્પર્ધામાં અહીંના સ્પર્ધકોએ ચાર ગોલ્ડ મેડલ અને આઠ બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા. આ વિજેતાઓમાં સોમૈયા આધ્યા (ગોલ્ડ,બ્રોન્ઝ), સૈખ હસીના (ગોલ્ડ, બ્રોન્ઝ ), ધકાણ આંસી (ગોલ્ડ ,બ્રોન્ઝ), પાઠક અનાહીતા સિંઘ (ગોલ્ડ, બ્રોન્ઝ), લાઠીયા મિશવા (બ્રોન્ઝ ), વસાવા અદિતિ (બ્રોન્ઝ ), રાવલ આર્યા (બ્રોન્ઝ), ચોપડા કેનીસ (બ્રોન્ઝ) નામના ખેલાડીઓએ કોચ આકાશસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ કરાટેની આ સ્પર્ધામાં નોંધપાત્ર સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી .

### અવસાન નોંધ

જૂનાગઢ નિવાસી શ્રી હેમાંગભાઈ અમૃતલાલ મોદી (ઉમર વર્ષ ૪૦) કે જેઓ શ્રી અમૃતલાલ ગિરધરલાલ મોદીના સુપુત્ર તથા સ્થાનકવાસી જૈન સંઘના ભૂતપૂર્વ પ્રમુખ તથા કારોબારી સભ્ય ડો.ડી.જી.મોદી, કાન્તિભાઈ તથા સ્વ.મહેશભાઈ મોદીના ભત્રીજા તથા મમતાબેન દિનેશભાઈ મડિયા, ડોલીબેન નિતેશભાઈ અઢિયા તથા જલ્પાબેન રાજેશભાઈ ગગલાણીના ભાઈ છે. તેઓ તા.૩૧/૧૨/૨૦૨૪ના ધર્મ આરાધના પામતા અરિહંત શરણ પામ્યા છે. તેઓશ્રીનું ઉઠમણું તથા પ્રાર્થનાસભા તા.૩/૧/૨૦૨૫ શુક્રવારે સવારે ૧૦ વાગ્યે તેમના નિવાસ સ્થાન રૂદ્રદીપ એપાર્ટમેન્ટ, તળાવ દરવાજા શેરી નં. ૩, જુનાગઢના રાખેલ છે.


### નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **ભાવેશકુમાર હિંમતલાલ પંડયા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **ભાવેશ હિંમતલાલ પંડયા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :
**ભાવેશ હિંમતલાલ પંડયા**
વિવાન ઓપ્યુલન્સ ૩૦૧, ગોકુલધામ સોસાયટી,
ઝાંઝરડા રોડ, જૂનાગઢ-૩૬૨૦૦૧

વિસાવદર નગરપાલિકા – વિસાવદર, જી. જુનાગઢ
ઓનલાઇન ટેન્ડરની જાહેર નિવિદા

વિસાવદર નગરપાલિકા, વિસાવદર, જી. જુનાગઢને સરકારશ્રી દ્વારા મજૂર થયેલ સને ૨૦૨૩-૨૪ વર્ષની સાંસદસભ્યશ્રીની ગ્રાંટ હેઠળ નીચે મુજબના કામો કરાવવા માટે ઓનલાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| કામનું નામ:- વોર્ડનં.૬, હનુમાનપરા અનુસુચીત જાતી વિસ્તારમાં કોમ્યુનીટી હોલ બનાવવાનું કામ. | |
| અંદાજીત રકમ : ૮.૨૬ લાખ | કામની સમય-મર્યાદા : ૪-માસ |
| ઈ.એમ.ડી. : ૮,૫૦૦-૦૦ | ટેન્ડર ફી : ૮૦૦-૦૦ |
| વેબસાઇટ : https://tender.nprocure.com/ | |
| ઓનલાઇન ટેન્ડર ડાઉનલોડ તથા જરૂરી ડોક્યુમેંટ અપલોડ કરવાની છેલ્લી તારીખ : ૧૭/૦૧/૨૦૨૫ના ૧૮:૦૦ કલાક સુધી | |
| ફક્ત ઓરિજનલ ટેન્ડર ફી અને ઈ.એમ.ડી. સ્પીડ પોસ્ટ / કુરિયર / આર.પી.એ.ડી. ના માધ્યમથી પહોંચતા કરવાની છેલ્લી તારીખ : ૨૩/૦૧/૨૦૨૫ના ૧૬:૦૦ કલાક સુધી, ચીફ ઓફિસર, વિસાવદર નગરપાલિકા, મુ. વિસાવદર, જી. જુનાગઢ. | |
| ટેક્નિકલ બિડ ખોલવાની તારીખ : ૨૪/૦૧/૨૦૨૫ના ૧૧:૦૦ કલાકે | |
| પ્રાઇઝ બિડ ખોલવાની તારીખ : ૨૪/૦૧/૨૦૨૫ના ૧૧:૩૦ કલાકે | |

ઉપરોક્ત કામ અંગે વધારે માહિતી તેમજ ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે ઉપરોક્ત જણાવેલ વેબસાઇટ ઉપરથી તા.૦૩/૦૧/૨૦૨૫થી જોવા વિનંતી. સદર કામ અંગેના તમામ હક્ક અધિકાર નગરપાલિકાને અબાધિત રેહશે.


જા.નં.૩૨૧
તા.૨૭/૧૨/૨૦૨૪
માહિતી/જુના/જા.ખ./૪૪૨/૨૫

ચીફ ઓફિસર
વિસાવદર નગરપાલિકા

‘જૂનાગઢ નહીં દેખા તો, કુછ નહીં દેખા...’

# જૂનાગઢનાં વધુ ૩ સ્થળોને પર્યટન સ્થળ તરીકે વિકસાવાશે

## જૂનાગઢનો બાદલપુર ડેમ, ઓઝત-૨, રામ ટેકરી વિસાવદર-જૂનાગઢ અને માણલકા ડેમને ટુરીસ્ટ પોઈન્ટ તરીકે વધુ સુવિધા ઉભી કરાશે



જૂનાગઢ તા.૨

જૂનાગઢ અને સોરઠ પંથકનાં ઐતિહાસીક સ્થળો અને ધાર્મિક સ્થળો તેમજ ફરવાલાયક સ્થળો પ્રવાસન જનતા માટે હોટ ફેવરીટ બની ગયા છે. અને વર્ષ દરમ્યાન હજારો પ્રવાસીઓ સોરઠની મુલાકાત આવે છે ત્યારે વર્ષનાં પ્રાંરભે પ્રવાસી જનતાને વધુ કેટલીક નવી ભેટ ગુજરાત પ્રવાસ નિગમ દ્વારા મળે તેવા સંજોગો ઉભા થયા છે. પ્રવાસી જનતાને આકર્ષવા માટેની એક આખી ચેનલ તૈયાર છે અને જૂનાગઢ, ગીર સોમનાથ અને અમરેલી જીલ્લાને માટે કેટલાક નવા ટુરીસ્ટ પોઈન્ટ ઉભા કરવામાં આવે તેવા નિર્દેશો મળી રહયા છે.

ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા જૂનાગઢ, ગીર સોમનાથ અને અમરેલી જીલ્લાને કુલ નવા ૯ ટુરીસ્ટ પોઈન્ટ આપવામાં આવનાર છે. અને જે અંગે રાજય સરકાર દ્વારા કુલ રૂા. ૫૭.૩૭ કરોડની ફાળવણી કરી દેવામાં આવી છે. અને એક આખો માસ્ટર પ્લાન પણ ઘડી કાઢવામાં આવ્યો છે. જૂનાગઢ જીલ્લાની વાત કરીએ તો જૂનાગઢ શહેરનાં ઐતિહાસીક સ્થળોને વિકસાવવામાં આવેલ છે. તેમજ રોપ-વે સહીતની સુવિધાઓ ઉભી કરવામાં આવતાં આજે જૂનાગઢ ગુજરાતનું પ્રવાસી જનતા માટે હોટ ફેવરીટ બની ગયું છે. અહીં આવનારા પ્રવાસીઓ વધુ સમય આ વિસ્તારમાં રોકાણ કરે તેવા હેતુ સાથે રાજય સરકારનાં પ્રવાસન નિગમ દ્વારા જૂનાગઢ, ગીર સોમનાથ અને અમરેલી જીલ્લામાં પ્રવાસી જનતાને આકર્ષણ માટે વધુ કેટલાક સ્થળોને વિકસાવવામાં આવી રહયા છે. જેમાં જૂનાગઢ જીલ્લાની વાત કરીએ તો જૂનાગઢનો બાદલપુર ડેમ ખાતે (ઓઝત ડેમ) રૂા. ૨૪૮૩૦૭૦૮નાં ખર્ચે કેટલીક વધુ સુવિધાઓ ઉભી કરવામાં આવશે. આ ઉપરાંત રામ ટેકરી (વિસાવદર-જૂનાગઢ) રૂા. ૩૧૧૨૨૧૧૫ના ખર્ચે વિકસાવાશે. આ ઉપરાંત માલણકા ડેમ મેંદરડા-જૂનાગઢને રૂા. ૨૨૩૩૨૭૧૧૫નાં ખર્ચે વિકસાવવામાં આવશે. પ્રવાસીઓ આવા સ્થળે વધુ સમય વિતાવી શકે તે માટે ડોમ, પાર્કીગ, સનસેટ પોઈન્ટ, માહિતી આપતો રૂમ, એન્ટ્રી એકઝીટ પોઈન્ટ, રમત ગમતનાં સાધનો, વોચ ટાવર, કોટેજ, બેઠક વ્યવસ્થા, આકર્ષક સીલપેક પ્રતિમા આ ઉપરાંત પણ આકર્ષણ ઉભુ કરવા માટે વિવિધ સુવિધાઓ ઉભી કરવામાં આવનાર છે. સમગ્ર ગુજરાત રાજયમાં જૂનાગઢ શહેર અને જીલ્લો તેમજ તેને અડીને આવેલા ગીર સોમનાથ અને અમરેલી જીલ્લાની એક આખી પ્રવાસી જનતા માટેની સાંકળ તૈયાર થઈ રહી છે. આગામી દિવસોમાં જ આ નવી કામગીરીનો શુભારંભ થશે




અને નિર્ધારીત સમયમાં તેને પૂર્ણ કરવામાં આવે તેવા નિર્દેશો મળી રહયા છે. હવે પ્રવાસી જનતાનાં મોઢે સંભળાશે કે જૂનાગઢ નહી દેખા તો કુછ નહી દેખા... જેવો માહોલ ઉભો થનાર છે.

---

### હમારી ભૂમિ ઔર હમારા જ અપમાન !!

## ભવનાથ તળેટીનાં અન્ડરપાસમાં આફ્રીકન સિંહનું ચિત્ર દોરતા એશિયાટીક સિંહોનું જાણે અપમાન થયું



જૂનાગઢ તા.૨

સોરઠ પંથક એટલે એશિયાટીક સિંહોનું રહેઠાણ અને જંગલનાં રાજા વનરાજની કાયમી ઓળખનું આ સરનામું છે. જૂનાગઢ સોરઠ અને સાસણ ખાતે દૂર દૂરથી પ્રવાસી જનતા સિંહ દર્શન માટે આવે છે અને અહીં કુદરતનાં ખોળે વિહરતા વનરાજોને નિહાળી પ્રવાસી જનતા ખુશ ખુશ બની જાય છે. એશિયાટીક સિંહોનું જયાં કાયમી સરનામું છે તેવા આ સોરઠનું મુખ્ય મથક એવા જૂનાગઢ શહેરમાં એશિયાટીક સિંહનું જાણે અપમાન થયું હોય તેવું લાગી રહયું છે. વાત છે જૂનાગઢનાં ભવનાથ તળેટી વિસ્તારની કે જયાં અન્ડરપાસ આવેલો છે અને આ અન્ડરપાસને કલાત્મક દ્રષ્ટીએ સુશોભનનાં વાઘા પહેરાવવામાં આવેલ છે. અને રંગબેરંગી ચિત્રો પણ દોરવામાં આવેલ છે ત્યારે આ જ સ્થળે સિંહનું પ્રતિક દર્શાવતું એક ચિત્ર પણ કંડારવામાં આવેલ છે. અને જે કોઈની ભુલ હોય પરંતુ વાત સત્ય જાહેર થઈ છે તે મુજબ આ ચિત્રમાં જે સિંહ દર્શાવવામાં આવેલ છે તે આફ્રીકન સિંહનું ચિત્ર છે. આ ગંભીર ભુલ થઈ છે અને જેનાથી એવું લાગી રહયું છે કે એશિયાટીક સિંહોનું જાણે અપમાન થયું હોય તેમ લાગે છે.

---

## જૂનાગઢમાં રૂા.૭.૩૦ લાખની ચોરી પ્રકરણમાં દાગીના વેચવાની મદદ કરનાર વેપારી પુત્રની સ્ત્રી મિત્રને પોલીસે ઝડપી લીધી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨

જોષીપરાની રૂપિયા ૭.૩૦ લાખની ચોરી મામલે પોલીસે દાગીના વેચવાની મદદ કરનાર વેપારી પુત્રની સ્ત્રી મિત્રની પણ ધરપકડ કરી લગડી સ્વરૂપે સોનાનો તમામ મુદ્દામાલ કબજે લઈ આરોપીઓને જેલમાં મોકલી આપ્યા હતા. જોષીપરામાં રહેતા વેપારી રોહિતભાઈ મહેશભાઈ હરવાણીના મકાનમાંથી રૂપિયા ૭.૩૦ લાખની માલમતાની ચોરીમાં પકડાયેલ વેપારીના પિતરાઈ મિહિર ઉર્ફે મોહિત ઉર્ફ રોકી રાજેશ હરવાણી, તેના મિત્રો હિતેશ ઉર્ફે લાલો રમણીક બૂમતારીયા અને હર્ષ હેમેન્દ્ર ગદાને તપાસનીશ પીઆઈ પી. સી. સરવૈયાએ બુધવાર સુધી રિમાન્ડ પર મેળવી પૂછપરછ હાથ ધરતા આરોપી હર્ષ હેમેન્દ્રએ સોનાના દાગીના વેચવા માટે તેની સ્ત્રી મિત્ર હિરલ ઉર્ફે દીપ્તિ અલ્પેશ તન્નાનો ઉપયોગ કર્યો હોવાનું ખુલતા ૨૮ વર્ષીય હિરલ ઉર્ફે દીપ્તિની પણ ધરપકડ કરી હતી. આ કેસમાં અગાઉ ત્રિપુટી પાસેથી રૂપિયા ૨,૫૦,૭૧૦ની કિંમતનું સોનાનું બ્રેસલેટ જપ્ત કર્યા બાદ બુધવારે પોલીસે આરોપીઓ પાસેથી લગડી સ્વરૂપે બાકીનો સોનાનો મુદ્દામાલ પણ કબજે લીધો હતો. દરમ્યાન મિહિર ઉર્ફ મોહિત, હિતેશ ઉર્ફે લાલો અને હર્ષ હેમેન્દ્રના રિમાન્ડ પુરા થતા ત્રણેય આરોપી અને હિરલ ઉર્ફે દીપ્તિને કોર્ટમાં રજૂ કરતા અદાલતે તમામને જેલમાં મોકલી આપવાનો હુકમ કર્યો હતો. જેના પગલે પોલીસે ચારેયને જિલ્લા જેલ હવાલે કર્યા હતા.

પોલીસ સૂત્રો અનુસાર આરોપી વેપારી પુત્ર હર્ષ હેમેન્દ્ર ગદાની સ્ત્રી મિત્ર હિરલ ઉર્ફે દીપ્તિ પતિથી છુટાછેડા લીધા બાદ જૂનાગઢના માંગનાથ વિસ્તારમાં હર્ષ હેમેન્દ્ર સાથે રહેતી હતી. અને તેણીએ સોનાના દાગીના વેચવા માટે મદદ કરી હોવાની વિગતો પોલીસ પૂછપરછમાં બહાર આવી હતી. દરમ્યાન ૭.૩૦ લાખની ચોરીના મામલે મુખ્ય આરોપી મિહિર ઉર્ફે મોહિત ઉર્ફ રોકીને આર્થિક મદદ આપનાર શહેરમાં દાતાર રોડ ઉપર ગાયત્રી દાળિયાની દુકાન ધરાવતા વેપારી પુત્ર હર્ષ હેમેન્દ્ર ગદાના ઘરે પોલીસે સર્ચ કરતા સોનુ ગાળવા માટે ઉપયોગમાં લેવાતું લાઈટર મળી આવતા કબજે કર્યું હતું. અને બાકીનો સોનાનો મુદ્દામાલ પોલીસે લગડી સ્વરૂપે કબજે લઈને કાર્યવાહી કરી હતી.

---

## મેંદરડાના હરીપુર ખાતેના કુબેર ફાર્મમાં ચાલતી દારૂની મહેફીલમાં પોલીસ ત્રાટકી : રાજકોટના બિલ્ડર સહિત પાંચની ધરપકડ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨

મેંદરડા તાલુકાના હરીપુર ખાતેના કુબેર ફાર્મમાં દારૂની મહેફીલ માણતા રાજકોટના બિલ્ડર, વેપારી સહિત ૫ શખ્સની પોલીસે અટક કરી વિદેશી દારૂની ૩ ખાલી બોટલ, ૬ મોબાઈલ ફોન કબજે લઈ આગળની કાર્યવાહી કરી હતી.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર મેંદરડા પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઈન્ચાર્જ પીઆઈ એસ. એન. સોનારાના માર્ગદર્શનમાં સાસણ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. એ વખતે હરીપુર ગામે આવેલ કુબેર ફાર્મ હાઉસમાં દારૂની મહેફિલ ચાલતી હોવાની માહિતી મળતા દરોડો પાડ્યો હતો. ફાર્મમાં પ્રથમ ક્વાર્ટરની સામે આવેલ ગાર્ડનમાં નશો કરેલી હાલતમાં ડાન્સ કરતા રાજકોટમાં કુવાડવા રોડ પર ગ્રીનલેન્ડ ચોકડી પાસે આવેલ શ્રી બંગ્લોઝમાં રહેતા ૨૫ વર્ષીય બિલ્ડર નિખિલ મહેશ રૈયાણી, તેનો પાડોશી રોહન શૈલેષ વસોયા, રાજકોટ ગ્રીનલેન્ડ ચોકડી પાસેના તિરુપતિ બાલાજી પાર્કમાં રહેતો ૨૨ વર્ષીય વિનીત ઉર્ફે ઉદય સંજય ગાધેર, તેનો પાડોશી ૨૨ વર્ષીય સાહિલ જીતેન્દ્ર નૈના અને રાજકોટમાં મોરબી રોડ ગીરીરાજ પાર્ટી પ્લોટ ની પાછળ રહેતો ઈમીટેશન નો ધંધો કરતો ૨૨ વર્ષીય જતીન ઉર્ફે ખુશાલ અતુલ ગોહેલને કેફી પીણું પીધેલી હાલતમાં ઝડપી લીધા હતા. તેમજ ઈંગ્લિશ દારૂની ૩ ખાલી બોટલ તથા રૂપિયા ૩૦,૦૦૦ની કિંમતના ૬ મોબાઈલ ફોન કબજે લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

---

## કેશોદમાં અગાઉ વેંચી નાંખેલો ફલેટ બીજી વાર વેંચીને છેતરપીંડી કરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨

કેશોદ પંથકમાં એકને એક ફલેટ બે વાર વેચાણ કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હોવાની ફરીયાદ પોલીસ દફતરે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ફરીયાદી દેવાયતભાઈ રામભાઈ જલુ (ઉ.વ.૪૮) રહે.કેશોદવાળાએ હેતલકુમાર નરોતમભાઈ ઠુમર રહે.કેશોદ અને તપાસમાં ખુલે તે તમામ સામે એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીનો કેશોદ પીપલીયાનગર માં ઉન્નતી નામે એપાર્ટમેન્ટ આવેલ હોય તેમાં રહેલ ફ્લેટ નં ૧૦૨ વાળો પ્રથમ સાહેદ મહેશભાઈ મેરામભાઈ ડાંગર ને રૂપીયા ૧૬,૦૦,૦૦૦/- માં વેચી નાખી રૂપીયા મેળવી લઈ તેના વેચાણ દસ્તાવેજ નં ૧૫૬૭/૧૭ તા.૨૧/૦૬/૧૭ થી કરી આપી તે બાદ ગુન્હાહીત ઠગાઈ અને વિશ્વાસઘાત કરવાના ઈરાદે ફરીથી આજ ફ્લેટ ફરીયાદી ને બતાવી રૂપીયા ૧૫,૦૦,૦૦૦/- માં સોદો કરી રૂપીયા મેળવી લઈ આજ ફ્લેટ પોતાની માલીકી નો ન હોવા છતા તા.૨૫/૦૭/૧૭ ના રોજ ફરીયાદી ને વેચાણ દસ્તાવેજ નં ૧૯૦૮/૧૭ થી ફરીયાદી ને વેચાણ કરી ઠગાઈ કરવાના હેતુથી ખોટો દસ્તાવેજ કરી ખોટુ સોગંદનામુ કરી તેનો સાચા તરીકે ઉપયોગ કરી એકજ ફ્લેટ ના ડબલ દસ્તાવેજો કરી ફરીયાદી તથા સાહેદ સાથે વિશ્વાસઘાત છેતરપીંડી કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ બ્લોચે હાથ ધરી છે.

---

## જૂનાગઢમાં યુવક પર છરી વડે હુમલો : ૩ સામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨

જૂનાગઢ શહેરના મુબારકબાગ વિસ્તારમાં યુવકને અહીથી કેમ નીકળે છે ? તેમ કહી છરી વડે હુમલો કર્યાની ૩ વિરૂધ્ધ ફરીયાદ નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીઝન પોલીસ મથકે કરણભાઈ અમનભાઈ મકવાણાએ રાજેશ હીરાભાઈ મકવાણા, દિલીપ હીરાભાઈ અને શની જીલુભાઈ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોધાવી છે કે, ફરીયાદી તેમની મોટર સાયકલ લઈ મુબારકબાગ તેના ઘર તરફ જતા હોય દરમ્યાન રસ્તામાં આરોપી રાજેશ મકવાણાએ ફરીયાદીને રોકી અહીથી કેમ નીકળે છે ? તેમ કહી ગાળાગાળી કરી આરોપીઓએ મારમારી છરી વડે કમરના પાછળના ભાગે છરી મારી ઈજાઓ કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

---

## જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા અભિયાનને મળ્યો લોકોમાંથી પ્રતિસાદ

### સુકો અને ભીનો કચરો અલગ નહી આપે તો કડક કામગીરી કરાશે






(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨

જૂનાગઢ મહાનગરપાલિકા સેનિટેશન શાખાની એક અખબારી યાદીમાં જણાવાયેલ છે કે, સ્વચ્છતા સર્વેક્ષણ અંતર્ગત જુનાગઢના શહેરીજનોને તેમજ મહાનગર વિસ્તારમાં મિલ્કત ધરાવતા મિલ્કત ધારકોને મહાનગરપાલિકા દ્વારા વિનામૂલ્યે ડસ્ટબિન વિતરણ કરવામાં આવેલ છે, જેમાં જૂનાગઢ મ્યુનીસીપલ કમિશ્નર ડો. ઓમપ્રકાશ દ્વારા આ અંગેનું આયોજન કરવામાં આવેલ જેમાં ડેપ્યુટી કમિશ્નરઓના માર્ગદર્શન હેઠળ સેનિટેશન સુપ્રિટેન્ડેન્ટ કલ્પેશભાઈ ટોલિયા તેમજ તેમની ટીમ દ્વારા અગાઉ સોશ્યલ મીડિયા તેમજ જાહેર પત્રિકાનું વિતરણ તેમજ દૈનિક અખબારી યાદી દ્વારા સેગ્રીગેશન કરી સુકા ભીના કચરાને અલગ અલગ રાખવાની લોકોને સમજણ આપવામાં આવેલ જે અન્વયે તા.૧-૧-૨૦૨૫થી આપવામાં આવેલ સુકા/ભીના કચરા માટેની અલગ અલગ ડસ્ટબિનોનો કચરો ડોર ટુ ડોર કલેક્શન વાહનમાં નાખવા માટેની શરૂઆત કરવામાં આવી હતી. જેમની પાસે અલગ અલગ ડસ્ટબીનમાં સુકો અને ભીનો કચરો હોઈ તેવા મિલકતધારકો પાસેથી કચરાને એકત્ર કરવામાં આવેલ તેમજ આ અભિયાનમાં સુકો ભીનો કચરો અલગ અલગ ના આપનાર આસામીઓને ગુલાબનું ફૂલ અર્પણ કરી નમ્રપણે અપીલ કરી હવેથી કચરો અલગ અલગ આપવા પ્રેરિત કરવામાં આવેલ તથા લોકોને કચરો સેગ્રીગેટ કરવા અંગે સમજણ આપવામાં આવેલ. વધુમાં જેમનો કચરો સુકો અને ભીનો અલગ અલગ ના હોય તેવી વ્યક્તિ પાસેથી હવેથી કચરો અસ્વીકાર કરવામાં આવશે તથા નિયમ મુજબનો દંડનીય કાર્યવાહી કરવામાં આવશે, જેની તમામ શહેરીજનોને નોંધ લેવા અખબારી યાદીમાં જણાવાયેલ છે.

---

### જૂનાગઢમાં બે મિત્રો મોટર સાયકલ ચોરી જતાં ફરીયાદ

જૂનાગઢ તા.૨

જૂનાગઢ તાલુકા પોલીસ મથકે લતીફભાઈ કરીમભાઈ બ્લોચે રોહીતભાઈ જયસુખભાઈ કવા અને સનવેજ સમીરભાઈ સંઘાર વીરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીઓ ફરીયાદીના મિત્રો હોય અને તા.૮-૧૨-૨૪ના રોજ ખામધ્રોળ રોડ પર આરટીઓ કચેરી સામે રાત્રીના સમયે બેઠા હતા દરમ્યાન ફરીયાદીને નિંદર આવી જતા આરોપીઓએ ફરીયાદીનું મોટર સાયકલ નં.જીજે-૧૧-સીપી-૫૯૭૩ ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

---

## શીલના બામણવાડા ગામે રૂા.૮ લાખનું જેસીબી પરત નહી કરતા ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨

શીલના બામણવાડા ગામે રહેતા યુવક પાસે ભાડા કરવા રૂપિયા ૮ લાખનું જેસીબી લઈ જઈ જેસીબી પરત નહીં આપી અને ટીટીઓ ફોર્મમાં ખોટી સહી પણ કરી ૨ શખ્સોએ છેતરપીંડી કર્યાની ફરીયાદ શીલ પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બામણવાડા ગામના ૩૮ વર્ષીય અરજણભાઈ મેરામણભાઈ બંધીયાએ તેના ગામના રાણા રામદેવ બંધીયા પાસેથી વર્ષ ૨૦૨૧માં રૂપિયા ૮ લાખમાં જેસીબી વેચાણથી લીધું હતું. પરંતુ જેસીબીનો ખર્ચ ઉપાડી ન શકતા ફાઈનાન્સમાંથી લોન લીધી હતી અને એકાદ મહિના બાદ રાણા રામદેએ જેસીબી રાજુ મસરી પિઠીયાને ભાડા કરવા માટે આપવાનું કહી રાણા રામદે જેસીબી લઈ ગયો હતો. આ પછી ખેતીના કામમાં જેસીબીની જરૂર હોય જેથી રાણા અને રાજુને કહેતા બંનેએ જેસીબી સાઈડ પર ચાલુ હોવાનું કહ્યું હતું. પરંતુ બનેએ ટીટીઓ ફોર્મમાં મોટી સહી કરી વેચી નાખ્યું હોવાની જાણ થતા આખરે બંને શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા શીલ પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

---

## ખામધ્રોળ ચોકડી નજીક ડીસીએમ વાહન અચાનક ઉભુ રહી જતા પાછળથી આવતું મોટર સાયકલ અથડાતા ચાલકનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨

જૂનાગઢ નજીક આવેલ ખામધ્રોળ ચોકડી પાસે ડીસીએમ અચાનક ઉભુ રાખી દેતા પાછળથી આવી રહેલ મોટર સાયકલ ડીસીએમ સાથે અથડાતા બાઈક ચાલકનું મોત થયાનું જૂનાગઢ તાલુકા પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા પોલીસ મથકે વીઠ્ઠલભાઈ બાબુભાઈ દોંગાએ ડીસીએમ લોડીંગ વાહન નં.જીજે-૧૪-ઝેડ-૩૧૮૬ના ચાલક વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીએ પોતાના હવાલાવાળુ ડીસીએમ લોડીંગ વાહન બેફીકરાઈથી ચલાવી અચાનક ઉભુ રાખી દેતા પાછળથી મોટર સાયકલ પર આવી ફરીયાદીનો ભત્રીજો ડીસીએમ સાથે અથડાઈ જતા માથાના ભાગે ગંભીર ઈજા થતા સારવાર દરમ્યાન મોત નિપજયા અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.





